**Veer Narmad**
**South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

## ઈ–દક્ષિણાયન
**Dakshinayan e-Newsletter**
For Private Circulation Only





**Vol. 15, Issue. 266, October 2024**


**પ્રિય વાચક મિત્રો,**

### ભારતીય જ્ઞાન પરંપરાની વિશિષ્ટતા

न ही ज्ञानेन सदृशं पवित्रमिह विदयते।
અર્થઃ આ વિશ્વમાં જ્ઞાન જેટલું પવિત્ર કંઈ નથી.

ભારત એ પ્રાચીન જ્ઞાન અને વૈભવી સંસ્કૃતિની પવિત્ર ભૂમિ છે. વિશ્વની સૌથી સમૃદ્ધ અને વૈવિધ્યસભર સંસ્કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિને સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત છે. અહીં વિવિધ શાસ્ત્રો, ગ્રંથો, વૈદિક પરંપરાઓ અને તત્વજ્ઞાનના આધાર પર હંમેશા માનવજાત માટે મહત્વપૂર્ણ જ્ઞાન પ્રકાશિત થયું છે. ભારતીય જ્ઞાન પરંપરા અને સંસ્કૃતિ અનાદિ કાળથી વિશ્વને વિદ્યા, તત્વજ્ઞાન અને આધ્યાત્મિકતા દ્વારા માર્ગદર્શન આપતી આવી છે. ભારતીય સંસ્કૃતિનો આધાર માત્ર ધાર્મિક અને તત્વજ્ઞાનિક સિદ્ધાંતો પર જ નથી, પરંતુ તે જીવનના તમામ ક્ષેત્રોને આવરી લે છે.

ભારતીય જ્ઞાન પરંપરાનું મહત્વ અનાદિ કાળથી રહ્યું છે. પ્રાચીન સમયમાં ભારત જ્ઞાનવિજ્ઞાન, તત્વજ્ઞાન અને વિવિધ વિદ્યા માટે વિશ્વવિખ્યાત હતું. અહીંની શાસ્ત્રીય પરંપરાઓ માનવજીવનના તમામ પાસાઓ પર ઊંડો પ્રભાવ પાડયો છે. આ પરંપરાની સૌથી વિશેષતા એ છે કે તે માત્ર પઠન અને ગહન અધ્યયન પૂરતી સીમિત નથી, પરંતુ જીવન જીવવાની એક અનોખી પદ્ધતિ પણ પ્રદાન કરે છે. (પ્રાચીન ગુરુ–શિષ્ય પરંપરા દ્વારા જ્ઞાન ફેલાવવામાં આવ્યું. જે તે સમયના તપસ્વી ઋષિઓ અને મુનિઓએ શિષ્યોને જ્ઞાનનું દાન આપ્યું અને તે જ્ઞાન પેઢી દર પેઢી આગળ વધ્યું.)

વેદો, ઉપનિષદો, પુરાણો, મહાભારત અને રામાયણ જેવા મહાગ્રંથો માત્ર ધાર્મિક અભ્યાસ માટે નહીં, પણ જીવનના માર્ગદર્શન માટે પણ છે. આ ગ્રંથો જીવનના તમામ તત્વોને સ્પર્શે છે, જેમાં નૈતિકતા, તર્કશાસ્ત્ર, તત્વજ્ઞાન અને આયુર્વેદનો સમાવેશ થાય છે. ભારતના ઋષિઓએ ગણિત, વિજ્ઞાન, યોગ, આયુર્વેદ અને તત્વજ્ઞાનમાં અપ્રતિમ પ્રગતિ કરી. આર્યભટ્ટ અને વરાહમિહિર જેવા વિજ્ઞાનીઓએ ખગોળશાસ્ત્ર અને ગણિતમાં મહત્વપૂર્ણ શોધ કરી. ચાણકયની રાજકીય નીતિ આજે પણ પ્રસ્તુત છે. યોગ અને ધ્યાનની વિદ્યા, જે ભારતીય પરંપરાની અમૂલ્ય થાપણ છે, આજે સમગ્ર વિશ્વમાં આરોગ્ય અને માનસિક શાંતિ માટે અપનાવવામાં આવી રહી છે.

આજની આધુનિક જીવનશૈલીમાં પણ ભારતીય જ્ઞાન પરંપરા મહત્વની ભૂમિકા ભજવે છે. વૈજ્ઞાનિક અભિગમ, તર્કશકિત અને આધ્યાત્મિકતા સાથે સંબંધિત જીવનમૂલ્યો આજે પણ એટલાં જ પ્રસ્તુત છે. આધુનિક યુગમાં, જો આપણે ભારતીય જ્ઞાન પરંપરાને સાચવી અને તેને સમર્થન કરશું, તો તે માત્ર ભારત માટે નહીં, પરંતુ સમગ્ર માનવજાત માટે સમગ્ર વિશ્વ માટે પણ એક આર્શીવાદરૂપ બની રહેશે.

ભારતીય જ્ઞાન પરંપરાની વિશિષ્ટતા તેની વૈવિધ્યસભર અને સર્વાંગી દૃષ્ટિમાં રહેલી છે. આ પરંપરા માત્ર શાસ્ત્રીય જ્ઞાન અને ગ્રંથોની વાત કરતી નથી, પરંતુ એક સંપૂર્ણ જીવન પદ્ધતિ તરીકે અસ્તિત્વ ધરાવે છે. વિદ્યા, તત્વજ્ઞાન, વિજ્ઞાન, કલા, નૈતિકતા અને આધ્યાતિમકતા–આ બધી જ બાબતો ભારતીય જ્ઞાન પરંપરાનો અભિન્ન ભાગ છે.

ભારતમાં શિક્ષણ ને જ્ઞાનપ્રાપ્તિને ખૂબ ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાચીન સમયમાં તક્ષશીલા અને નાલંદા જેવી વિશ્વવિખ્યાત વિદ્યા સંસ્થાઓ હતી, જ્યાં દેશ–વિદેશના શિષ્યો ભણવા માટે આવતા. વેદો અને ઉપનિષદોમાં વૈજ્ઞાનિક અને તત્વજ્ઞાનસંબંધી ઘણા સૂત્રો સમાવાયા છે, જે આજના સમયમાં પણ વૈચારિક માર્ગદર્શન પૂરું પાડે છે. ભારતીય વિજ્ઞાનીઓ અને તત્વજ્ઞાનો એ ખગોળશાસ્ત્ર, ગણિત, આયુર્વેદ, શિલ્પકલા અને જ્યોતિષશાસ્ત્રમાં અસાધારણ પ્રગતિ કરી છે. આર્યભટ્ટ, વરાહમિહિર, બ્રહ્મગુપ્ત અને નાગાર્જુન જેવા વિજ્ઞાનીઓએ સંખ્યાશાસ્ત્ર, શૂન્યનો સિદ્ધાંત, ગ્રહગતિ અને રામાયણવિજ્ઞાનમાં નોંધપાત્ર યોગદાન આપ્યું.

ભારત એક પ્રાચીન અને સમૃદ્ધ જ્ઞાન પરંપરાવાળી ભૂમિ છે, જે ને હંમેશા જ્ઞાન અને સંસ્કૃતિના વૈભવનું ગૌરવ છે. ભારતીય જ્ઞાન પરંપરા માત્ર શાસ્ત્રીય જ્ઞાન કે સાહિત્ય સુધી મર્યાદિત નથી, પરંતુ તે તત્વજ્ઞાન,વિજ્ઞાન, ચિકિત્સા, કલા, સંગીત અને જીવનમૂલ્યો સાથે સંકળાયેલી છે. ભારતીય સંસ્કૃતિના મૌલિક તત્વો શ્રદ્ધા, સદાચાર, કરુણા, સહિષ્ણુતા અને પરોપકાર પર આધારિત છે. ભારતીય જ્ઞાન પરંપરાનું મહત્વ માત્ર ભૂતકાળમાં નહોતું, પરંતુ તે આજના અને ભવિષ્યના વિશ્વ માટે પણ એટલું જ મહત્વપૂર્ણ છે. વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાતિમક સંતુલન સાથે, ભારતીય જ્ઞાન પરંપરાએ વિશ્વને સર્વાંગી વિકાસનો એક શ્રેષ્ઠ મોડેલ આપ્યો છે. જો આપણે આ પરંપરાને યોગ્ય રીતે અનુસરશું, તો સમાજમાં સુખ–શાંતિ અને વૈચારિક સમૃદ્ધિ આવશે.

"लोकः समस्ताः सुखिनो भवन्तु"
(સમગ્ર જગત સુખી અને શાંતિમય બને)

**તા. ૧ નવેમ્બર, ૨૦૨૪** **(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### સ્વચ્છતા હી સેવા–૨૦૨૪ કાર્યક્રમ

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને એસ.પી.બી.ઈંગ્લીશ મીડીયમ કોમર્સ કૉલેજ, અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, ઝેડ.એફ.વાડીયા વુમન્સ કૉલેજ, સર.પી.ટી.સાર્વજનિક કૉલેજ ઓફ સાયન્સ અને સર. કે.પી.કોમર્સ કૉલેજના સંયુકત ઉપક્રમે ભારત સરકાર દ્વારા તા. ૨ જી ઓકટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણીનું આહવાન કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત દિવસની ઉજવણીના ભાગરૂપે ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી તા. ૨ ઓકટોબર, ૨૦૨૪ સુધી 'સ્વચ્છતા હી સેવા–૨૦૨૪'નું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા. ૧ ઓકટોબર–૨૦૨૪ના રોજ સવારે ૭:૧૫ કલાકે સુરત શહેર સ્થિત ડુમસ બીચ ખાતે ઉપરોકત કૉલેજના ૫૦૦થી વધુ સ્વયંસેવક/સેવિકાઓ તેમજ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાની વિશેષ ઉપસ્થિતિમાં એન.એસ.એસના પ્રોગ્રામ કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્રની હાજરીમાં પ્લાસ્ટિક એકત્રિકરણ અને સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં જુદી જુદી કૉલેજથી આવેલા સ્વયંસેવક/સેવિકાઓએ ડુમસ બીચ ખાતેથી સિંગલ યુઝ પ્લાસ્ટિક કચરો એકત્ર કર્યો હતો તેમજ આજુ–બાજુના લોકોને સ્વચ્છતા વિશે જાગૃત કર્યા હતા તથા સ્વચ્છતાની શપથ લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વહીવટ એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવ્યું હતું.















## રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા આયોજીત કલા સ્પર્ધામાં વિશ્વવિદ્યાલયના ફાઈન આર્ટસ વિભાગની વિદ્યાર્થીનીના આર્ટવર્કની પસંદગી






દેશની સેન્ટ્રલ બેંક રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા તારીખ ૦૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ તેના ૯૦માં વર્ષમાં પ્રવેશ કરી રહી હોવાથી આરબીઆઈ દ્વારા વિવિધ કાર્યક્રમોના ભાગ રૂપે, બેંકે સમગ્ર દેશની ફક્ત ફાઈન આર્ટ્સ કૉલેજો માટે કલા સ્પર્ધાનું આયોજન કર્યુ હતું. સમગ્ર દેશની તમામ કૉલેજમાંથી ફાઈન આર્ટ્સમાં અભ્યાસ કરતા અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ દ્વારા આર્ટવર્ક તૈયાર કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર સી.ગઢવીના સહકારથી તથા ફાઈન આર્ટ્સ વિભાગના પૂર્વ કૉ–ઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલ, હાલના ફાઈન આર્ટસ વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી અંકિત ચાંગાવાલા તથા અધ્યાપકશ્રી દીપ્તિ બાટલાવાલાના માર્ગદર્શન હેઠળ ફાઈન આર્ટસમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની આંકોલિયા મોનિકા કનુભાઈએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સમગ્ર દેશમાંથી અમુક એન્ટ્રીઓ પસંદ કરવામાં આવી છે. જેમાંથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંકોલિયા મોનિકાના આર્ટવર્કની પસંદગી કરવામાં આવી છે. સમગ્ર દેશમાંથી પસંદગી પામેલ વિદ્યાર્થીઓમાંથી ૧૫ જેટલા વિદ્યાર્થીઓના આર્ટવર્કની એવોર્ડ માટે પસંદ કરવામાં આવશે. જે માટે નવી દિલ્હીમાં આર્ટવર્ક પ્રદર્શિત કરવામાં આવશે. થીમની રચનાત્મક અભિવ્યક્તિ, એકંદર ગુણવત્તા અને વિઝ્યુઅલ અપીલના આધારે એન્ટ્રીઓનું મુલ્યાંકન ન્યાયાધીશોની પેનલ દ્વારા કરવામાં આવશે.

આંકોલિયા મોનિકા કનુભાઈ દ્વારા આર.બી.આઈ. વિશેની પેઇન્ટિંગ બનાવવામાં આવી છે. આ પેઇન્ટિંગ કાગળ પર એક્રેલિક રંગમાં કરવામાં આવે છે. આ પેઇન્ટિંગની સાઈઝ 11.7* 16.5 ઈંચ છે. આ બનાવતા પહેલા તેણીએ RBI વિશે સંશોધન કર્યુ અને કમ્પોઝિશન બનાવ્યું હતું. આ સંશોધન દર્શાવે છે કે ભારતીય અર્થતંત્રમાં RBI કેટલી મોટી ભૂમિકા ભજવે છે. આ પેઇન્ટિંગમાં તેની દ્વારા મોટું વર્તુળ બતાવ્યું છે. જેમાં કેમેરા જેવી નજરનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે. આરબીઆઈ દ્વારા ઇકોનોમીનું સંચાલન કરવાની પ્રક્રિયા દર્શાવી છે. આરબીઆઈ મંદી અને ફુગાવાના સમયે અર્થતંત્રના સંતુલનનું કાર્ય કરે છે. આ પેઇન્ટિંગમાં આરબીઆઈ દ્વારા છાપવામાં આવતી નોટોની છાપણીની પ્રક્રિયાનો એક ભાગ બતાવવામાં આવ્યો છે.

## વિકાસ સપ્તાહ ૨૦૨૪ની ઉજવણી



આપણા દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી તા. ૦૭/૧૦/૨૦૦૧ના રોજ સૌપ્રથમ વાર મુખ્યમંત્રી બન્યા હતા. જેના આજે સફળતાપૂર્વક ૨૩ વર્ષ પૂર્ણ થયા છે. જેના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા તા. ૭ ઓક્ટોબર થી ૧૫ ઓક્ટોબર સુધી 'વિકાસ સપ્તાહ ૨૦૨૪' ઉજવવામાં આવનાર છે. વિકાસ સપ્તાહ ૨૦૨૪ના અનુસંધાને અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ) તેમજ અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અધ્યક્ષસ્થાને તા.૭/૧/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે Ms Teamsના માધ્યમથી વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ હતું. આ સપ્તાહ દરમિયાન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવીના સાથ સહકારથી નીચેના મુદ્દાઓ પર વિશ્વવિદ્યાલય દ્વારા ગુજરાતમાં થયેલ અભૂતપૂર્વ વિકાસ સંબંધિત વિવિધ કાર્યક્રમો, પ્રવૃત્તિઓ અને પ્રવચનો યોજાશે.

- પ્રતિજ્ઞા–વિકાસ
- નિબંધ સ્પર્ધા, સુશોભન સ્પર્ધાઓ
- સોશિયલ મીડિયા ઝુંબેશ, વિવિધ હેશટેગનો ઉપયોગ કરવો
- સફળતાની ગાથા–વાર્તાલાપ
- સ્ટાર્ટ અપ
- પ્રગતિ વિકાસની ગાથા
- યુવા વર્ગની સહભાગિતા, યુવાનોની ભૂમિકા
- વિકાસ થીમ
- મોદીજીનું વિકાસ માટે વિઝન
- વિકાસ રથ– વિકાસ પદયાત્રા
- સફળ ઉદ્યોગપતિ સાથે વાર્તાલાપ
- વોલ પેન્ટિંગ
- લખપતિ દીદીને અતિથિ તરીકે ઉપસ્થિત રાખીને તેઓશ્રીનું પ્રવચન

## 'એનસીઅન્ટ યોગીક સાયન્સ એન્ડ ટેકનીક'ના સર્ટિફિકેટ કોર્ષનો માર્કશીટ વિતરણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય કેમ્પસ ખાતે આવેલ ડિપાર્ટમેન્ટ ઓફ કંટીન્યુઈન એજ્યુકેશન એન્ડ એક્ષટેન્શન વર્ક દ્વારા (૩) ક્રેડિટનો સર્ટીફિકેટ કોર્ષ 'એનસીઅન્ટ યોગીક સાયન્સ એન્ડ ટેકનીકનો' ચાલી રહ્યો છે. જેના કુલ ૭ બેચ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે. આ કોર્ષ યોગ અને પ્રાચીન વિજ્ઞાનના મહત્વને આધુનિક જીવનમાં લાવવા માટે રચાયેલ છે. જે વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક સુખાકારી પ્રદાન કરે છે. આ કોર્ષ વિવિધ ઉંમરના અને વિવિધ વ્યવસાયના કોઈ પણ લોકોને શિક્ષણ આપવામાં આવે છે. શ્રી દીપેશ ભાઈ સુખડિયા દ્વારા યોગથી થતા લાભોની જાણકારી વિદ્યાર્થીઓને આપી હતી તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તેમજ કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવીના હસ્તે માર્કશીટ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને આરોગ્ય જાળવણી અંગેની માહિતી કૉ–ઓર્ડિનેટર શ્રી મેહુલભાઈ પટેલ દ્વારા આપવામાં આવી હતી.










## Empowering innovation : A Startup Talk by Priti Sheth






ગુજરાત સરકાર દ્વારા તા. ૭ થી ૧૫ ઓક્ટોબર દરમ્યાન 'વિકાસ સપ્તાહ ૨૦૨૪'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તેમજ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીની અધ્યક્ષતામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઈન્ક્યુબેશન સેન્ટર (સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી, ઈન્સ્ટીટ્યૂશન ઈનોવેશન કાઉન્સિલ અને આઈડિયા એન્ડ ઇનોવેશન સેલ) અને ફાઈન આર્ટસ વિભાગનાં સંયુક્ત ઉપક્રમે 'Empowering innovation: A Startup Talk by Priti Sheth' વિષય પર સેમિનારનું તા. ૧૪/૧૦/૨૦૨૪ના રોજ વિશ્વવિદ્યાલય સેનેટ હૉલ ખાતે કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ઈનોવેશન પ્રત્યે માહિતગાર કરવાનો હતો.

ડૉ. પરેશ પારેખ દ્વારા મુખ્ય વકતા પ્રીતિ શેઠને પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમને આગળ વધારતા મુખ્ય વકતા ડૉ. પ્રીતિ શેઠે પોતાંના સ્ટાર્ટઅપ Maiora Diamonds વિશે માહિતી આપતા કહ્યું કે, જે પોતે આર્કિટેકટનાં વિદ્યાર્થી હોવા છતા જ્વેલરી ફિલ્ડમાં આગળ વધવાથી કયાંથી અને કઈ રીતે પ્રેરણા મળી. તેમણે પોતાની જર્ની જણાવી હતી. તેઓએ સુરત ડાયમંડ સિટીમાં ઉત્પાદન થતાં નેચરલ ડાયમંડ અને લેબ–ગ્રોન ડાયમંડ વિશે માહિતી આપતા કહ્યું કે આપણાં દેશમાં બનતી વસ્તુનો લાભ પહેલા આપણાં દેશને મળવો જોઈએ જેથી તેઓએ લેબ ગ્રોન ડાયમંડ બનાવવાની શરૂઆત કરી કે જે નેચરલ ડાયમંડ જેટલી જ સારી ગુણવત્તાનો છે. પરંતુ તેનાથી ઘણા ઓછા ભાવમાં વેચાણ થાય છે. તે સમયે ગુજરાતમાં લેબ ગ્રોન ડાયમંડનું ઉત્પાદન સૌ પ્રથમ વાર તેઓ દ્વારા ચાલુ કરવામાં આવેલ હતું. તેઓને શરૂઆતમાં ઘણા લોકો દ્વારા નિરાશા મળી હતી

પરંતુ તેઓએ આત્મવિશ્વાસ દ્વારા પોતાની સ્ટાર્ટઅપ જર્ની શરૂ કરી હતી અને તેમણે તેમાં સારી સફળતા પણ મળી છે.

સેમિનારના અંતમાં ઇન્ક્યુબેશન સેન્ટરનાં આસિસ્ટન્ટ મેનેજર દેવાંશી સોલંકી દ્વારા સ્ટાર્ટઅપના ક્ષેત્રે આગળ આવવા SSIP શું ભૂમિકા ભજવે છે? અને SSIP 2.0 પોલીસી વિદ્યાર્થીઓને કઈ રીતે મદદરૂપ થશે તેના વિશે માહિતી આપતા જણાવ્યું કે તમારી પાસે જો કોઈ નવીન વિચાર હોય તો તે વિચારને પ્રુફ ઓફ કોન્સેપ્ટમાં ઉપાંતરીત કરવા ૨.૫ લાખ સુધીનું ફંડ SSIP 2.0 અંતર્ગત આપવામાં આવે છે. જે રકમ વિદ્યાર્થીઓએ પાછી આપવાની રહેતી નથી. તેમજ વિદ્યાર્થીઓને IPR સુવિધાઓ જેમ કે પેટન્ટ, કોપી રાઈટ્સ, ટ્રેડમાર્ક્સ, ઇન્ડસ્ટ્રિયલ ડિઝાઈન અને સેમિકન્ડકટર ડિઝાઈન ફાઈલ જેવી બૌદ્ધિક સંપતિને જાણવી રાખવા માટે IP રજીસ્ટ્રેશન કરવા માટે પણ અલગ અલગ ફિલ્ડ પ્રમાણે રૂા. ૭૫૦૦૦/– સુધીની સહાય પૂરી પાડવામાં આવે છે. તેના વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

## આંતરરાષ્ટ્રીય જિમ્નાસ્ટ અને રાષ્ટ્રીય સુવર્ણ ચંદ્રક વિજેતા નિશાંત રાજેન્દ્ર ચૌહાણ દ્વારા ૧૮મી એરોબિક વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનવ સંસાધન વિકાસ વિભાગના MLW સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતા નિશાંત ચૌહાણે તારીખ ૨૭ થી ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન ઇટાલીના પેસારો ખાતે આયોજિત ૧૮મી એરોબિક વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો. જેમાં સિનિયર વિભાગમાં સ્પર્ધામાં ૩૭ દેશોએ પ્રતિનિધિત્વ કર્યું હતું, તેમજ કુલ ૩૫૦ જિમ્નાસ્ટ હતા. તેઓએ વ્યકિતગત અને ટ્રાયો એમ બે ઇવેન્ટમાં ભાગ લીધો હતો. આ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં વિવિધ દેશોના ખેલાડીઓએ ભાગ લીધો હતો, જ્યાં ભારત દેશમાંથી ૧૩ ખેલાડીઓએ ભાગ લીધો હતો જેમાંથી નિશાંત ચૌહાણે ભાગ લઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનું નામ રોશન કર્યું છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, માનવ સંસાધન વિભાગના વડાશ્રી ડૉ. ડી.જી.ઠાકોર તથા વિશ્વવિદ્યાલય પરિવાર વતી તેઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી તથા જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવા આર્શીવચન પાઠવવામાં આવ્યા.







AEROPESARO 2024
18th FIG AEROBIC WORLD CHAMPIONSHIPS
11th FIG AEROBIC WORLD AGE GROUP COMPETITIONS
27 - 29 September 2024
20 - 22 September 2024

Please accept our deep gratitude for participating in the Aerobic World Championships & World Age Group Competitions 2024 in Pesaro.


PARTICIPATION CERTIFICATE

NISHANT CHAUHAN

Your personal contribution made the Aerobics magical and real for everyone involved.

THANK YOU!

Morinari Watanabe, FIG President
Tammy Yagi-Kitagawa, FIG AER Technical Committee President
Gherardo Tecchi, President of the Gymnastics Federation of Italy



## હાટ બજારનું ઉદ્ઘાટન







વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ જુદા જુદા વિભાગોનાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ સ્ટાર્ટઅપ તેમજ વિશ્વવિદ્યાલયનાં કાર્યક્ષેત્રમાં આવતા તમામ જિલ્લાઓ અને તેમના તાલુકાના વિવિધ ગામોમાં પ્રાકૃતિક ખેતી અને તેના આનુષંગિક ખેત પેદાશો, ગૃહઉદ્યોગને લગતી વસ્તુઓનું વેચાણ કરી શકે તેમજ સનાતન સંસ્કૃતિ અને ભારતીય જ્ઞાન પરંપરાનાં આધારે વિવિધ પ્રસંગોએ ઉપયોગમાં લેવાતી સ્વદેશી વસ્તુઓને પ્લેટફોર્મ મળી રહે તે હેતુથી વિશ્વવિદ્યાલયના ઇન્કયુબેશન સેન્ટર દ્વારા શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૪–૨૫ દરમિયાન તા. ૧૯ ઓકટોબર, ૨૦૨૪થી દર શનિવારે (જાહેર રજાઓ સિવાય) સવારે ૧૧:૦૦ કલાકથી સાંજે ૫:૦૦ કલાક સુધી 'હાટ બજાર'નું આયોજન વિશ્વવિદ્યાલય પરિસર ખાતે કરવામાં આવ્યું હતું. આ વિશેષ કાર્યક્રમનું ઉદઘાટન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના વરદહસ્તે બપોરે ૧૨:૧૨ કલાકે વિશ્વવિદ્યાલય કન્વેન્શન હોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં હેન્ડમેડ જ્વેલરી, નમકીન અને સ્વીટ્સ કૉલેજ પ્રમોશન, નાગલી પ્રોડકટસ, ડીહાયડ્રેટેડ પ્રોડકટ્સ, દિવાળી હેન્ડમેડ પ્રોડકટ્સ, ઓર્ગેનિક ફૂડ પ્રોડકટ્સ વગેરે જેવા સ્ટોલ્સ રાખવામાં આવ્યા છે. આ આયોજન સામાન્ય જનતા માટે પણ ખુલ્લું રહેશે.

## કેન્દ્ર સરકારનાં વિકસિત ભારત@2047નાં સંકલ્પને રજૂ કરતું ચિત્ર પ્રદર્શનનું ઉદ્ઘાટન

કેન્દ્રીય સંચાર બ્યુરો અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં સંયુકત ઉપક્રમે વિકસિત ભારત @2047 વિષય પર ચિત્ર પ્રદર્શનનું ઉદ્ઘાટન તારીખ ૨૨ ઓકટોબર, ૨૦૨૪ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે વિશ્વવિદ્યાલયનાં પ્રાર્થના હોલ ખાતે કુલપતિશ્રી ડૉ. કિસોરસિંહ એન.ચાવડાના સહકારથી કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન પ્રસંગે વિભાગીય વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રદર્શનમાં કેન્દ્ર સરકારનાં વિકસિત ભારત @2047નાં સંકલ્પને પૂર્ણ કરવા માટે લાગુ કરેલી લોકકલ્યાણની વિવિધ યોજનાઓ, વિવિધ ક્ષેત્રોનું પ્રદાન અને અન્ય માહિતી રજૂ કરવામાં આવી છે. સાથે જ રોજગાર વિનિમય કચેરી અને પોસ્ટ વિભાગ દ્વારા મુલાકાતીઓને તેમની કામગીરીની માહિતી આપવામાં આવશે. આ પ્રદર્શન તા. ૨૨નાં સવારે ૧૧ થી ૬ તેમજ તા. ૨૩નાં સવારે ૧૦ થી સાંજે ૬ સુધી નાગરિકો માટે નિઃશુલ્ક ખુલ્લું રહ્યુ હતું. આ પ્રદર્શન વધુમાં વધુ લોકો, યુવાનો નિહાળે અને સરકાર દ્વારા ચાલતી યોજનાઓની જાણકારી મેળવે તેવી અપીલ ક્ષેત્રિય પ્રચાર અધિકારી ઇન્દ્રવદનસિંહ ઝાલાએ કરી હતી.














## કેન્દ્ર સરકારનાં વિકસિત ભારત@2047નાં સંકલ્પને રજૂ કરતું ચિત્ર પ્રદર્શનનો સમાપન કાર્યક્રમ

કેન્દ્રીય સંચાર બ્યુરો અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં સંયુકત ઉપક્રમે વિકસિત ભારત @2047 ચિત્ર પ્રદર્શનની કુલપતિશ્રી ડૉ. કિસોર સિંહ એન. ચાવડાએ મુલાકાત લીધી હતી. જેનાં સમાપન સમારોહમાં અહીં રજૂ કરેલી માહિતી લોકોપયોગી હોવાનું તેઓશ્રીએ જણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, વિકસિત ભારત માટેની સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી છે. તે ખૂબ લોકોપયોગી છે. યુવાનોએ આવી માહિતીની જાણકારી મેળવી પોતાના તેમજ અન્યને ઉપયોગમાં આવે એ માટે પ્રસાર કરવો જોઈએ.

કાર્યક્રમના સમાપન સમારોહમાં પોસ્ટ વિભાગનાં રિંકેશભાઈ જરીવાલા, પ્રેમરાજ મીણા અને વિશ્વવિદ્યાલય રોજગાર કચેરીનાં ચાંદની દેસાઈને તેમની કામગીરી માટે સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવી, પરીક્ષા નિયામકશ્રી, એન.એસ.એસ.કૉ-ઓર્ડિનેટર સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને અન્ય અધિકારીશ્રીઓનું તુલસી રોપ અને પુસ્તક દ્વારા ક્ષેત્રિય પ્રચાર અધિકારી ઇન્દ્રવદનસિંહ ઝાલાએ સ્વાગત કર્યું હતું. આ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન પ્રશ્નોતરી સ્પર્ધામાં વિજેતાઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ મેહુલ ફાઉન્ડેશનનાં કલાકારો દ્વારા મનોરંજન સાથે માહિતી આપવામાં આવી હતી. આ પ્રદર્શનને સફળ બનાવવા અમૃતભાઈ સોનેરી અને રોશનભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.











## વિશ્વવિદ્યાલયનાં IAS/IPS તાલીમ કેન્દ્રના વિદ્યાર્થી સિવિલ સર્વિસીસ કલાસ–૧ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના IAS/IPS તાલીમ કેન્દ્રના વર્ષઃ ૨૦૨૩–૨૪ના વિદ્યાર્થી વિષ્ણુ ચરન નાયક ઉડીસા પબ્લિક સર્વિસ કમીશનની સિવિલ સર્વિસસ કલાસ–૧ની પરીક્ષામાં ઉર્તીણ થયા છે જે વિશ્વવિદ્યાલય માટે ખૂબ જ ગૌરવની વાત છે. તેઓની ડેપ્યુટી કલેકટર તરીકે નિમણુક થયેલ છે જે યુનિવર્સિટીની પ્રતિષ્ઠાને વધારશે. વિષ્ણુ ચરન નાયકે વિશ્વવિદ્યાલયના સેન્ટર ફોર IAS/IPSથી સિવિલ સર્વિસીસ કોચિંગ લીધેલ છે. તેઓ અત્યંત સામાન્ય પરિવારમાંથી છે. આ સિદ્ધિ બદલ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, IAS/IPS અને સ્પર્ધાત્મક તાલીમ કેન્દ્રના કૉ–ઓર્ડિનેટરશ્રી બાલાજી રાજે તેઓને શુભેચ્છાઓ પાઠવી ભવિષ્યમાં પણ પોતાના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરીને પોતાનું અને પરિવારનું નામ રોશન કરે એવા આર્શીવચન પાઠવવામાં આવ્યા હતા.

## Department of Biotechnology

### સુપોષિત ભારત અભિયાન અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન












વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગ તથા એનએસએસના સહયોગથી તા. ૦૧/૧૦/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના સાથ સહકારથી સુપોષિત ભારત અભિયાનના ભાગરૂપે 'પોષણની આયુર્વેદિક વિભાવના' પર નિષ્ણાંત પ્રવચનનું આયોજન થયું હતું.

આમંત્રિત નિષ્ણાંત ડૉ. ગૌરવ લિન્સેવાલા, આયુર્વેદિક ચિકિત્સક, પંચકર્મ નિષ્ણાંત અને પી.પી.સવાણી આયુર્વેદિક કૉલેજ, કોસંબાના આચાર્ય હતા. આ સત્ર દરમિયાન વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢ વી, બાયોટેકનોલોજી વિભાગના વડાશ્રી ડૉ. ગૌરવ શાહ, અધ્યાપિકા અને ઇવેન્ટ કૉ–ઓર્ડિનેટર ડૉ. માનસી મહેતા અને શ્રીમતી તન્વી તમાકુવાલા સાથે શિક્ષણ, બિનશિક્ષણ સ્ટાફ અને ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ સત્રની શરૂઆત ડૉ. ગૌરવ શાહના સ્વાગત પ્રવચનથી થઈ હતી, જેમાં તેમણે આ સત્રની જરૂરિયાત અંગે સંબોધિત કર્યા હતા અને સમજાવ્યું હતું કે, કેવી રીતે બાયોટેકનોલોજિસ્ટ પ્રયોગશાળામાં પોષકતત્વોથી સમૃદ્ધ ખોરાક વિકસાવવામાં ફાળો આપી શકે છે કારણકે આપણે ખેતીલાયક જમીનની અછતનો સામનો કરી રહ્યા છીએ.

કુલસચિવશ્રીએ પોતાના વકતવ્યમાં ઉલ્લેખ કર્યો કે, કેવી રીતે આપણા પૂર્વજો અથાણું બનાવવાના ઉદાહરણ સાથે લાબાં સમય સુધી પોષણથી ભરપૂર ખોરાક બનાવતા હતા અને કેવી રીતે આ વારસાને આજકાલ ભૂલી જવામાં આવે છે. તેમણે નાગરિકોની સુખાકારી માટે સુપોષિત ભારત અભિયાનનાં સંબંધમાં એન.એસ.એસ. એકમ દ્વારા લેવામાં આવેલા નવા આંદોલનની પણ પ્રશંસા કરી હતી.

ડૉ.ગૌરાંગ લિન્સેવાલાએ તેમના પ્રવચનમાં આયુર્વેદિક પરિપ્રેક્ષ્ય સાથે વિવિધ મુદ્દાઓ સમજાવ્યા જેમ કે આયુર્વેદ શું છે? તંદુરસ્ત, અસંગત ખોરાકની વ્યાખ્યા, શું બધાને સમાન પોષક આહારની જરૂર છે? તેમણે આયુર્વેદ અને ચરક સંહિતાના સંદર્ભમાં શ્રેષ્ઠ પોષણ મેળવવા માટે આયુર્વેદિક સાધનો પણ સમજાવ્યા. જેમ કે યોગ્ય માત્રામાં ખોરાક લેવો, ખોરાકનું યોગ્ય સંયોજન, સમયસર ખાવું, તંદુરસ્ત ઊંઘ, વૈશ્વિક વિચાર અને સ્થાનિક, સુખ અને પોષણ.

આપણી જીવનશૈલી સુધારવા માટે નિષ્ણાંતની કેટલીક મૂલ્યવાન સલાહ સાથે સત્રનો અંત આવ્યો. ડૉ. માનસી મહેતાએ નિષ્ણાંતને પ્રશંસાપત્ર અને ભેટ અર્પણ કર્યા તથા શ્રીમતી તન્વી તમાકુવાલાએ સમર્થન અને હાજરી બદલ દરેકનો આભાર માન્યો. સમગ્ર સત્રનું સંકલન વિભાગના સહાયક પ્રોફેસર શ્રીમતી ધ્વનિ ઠકરારે કર્યું હતું.

## Cooking Without Fire સ્પર્ધાનું આયોજન






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગ તથા એનએસએસના સહયોગથી ૧ ઓકટોબર, ૨૦૨૪ના રોજ સુપોષિત ભારત અભિયાનના ભાગરૂપે 'Cooking Without Fire' સ્પર્ધાનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં કુલ ૨૫ ટીમોએ ભાગ લીધો હતો જ્યાં તેઓએ આગનો ઉપયોગ કર્યા વિના વિવિધ પોષકતત્વોથી સમૃદ્ધ વાનગીઓ તૈયાર કરી હતી. જેમ કે, ખજૂર હની પોપ, રસમલાઈ, સ્પ્રાઉટ ચાટ, કોર્ન સાલસા, સોનફ શરબત, ડ્રાય ફ્રૂટ બોલ્સ, રાગી સલાડ, બટરફલાય પી ફલાવર આઈસ ટી, પાન દહીં અને અન્ય ઘણાં.

નિર્ણાયક તરીકે વિભાગના જ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ ધ્વનિ ત્રિવેદી (પૂર્વ વિદ્યાર્થી બેચ–૨૦૧૬ બી.એસસી. બાયોટેકનોલોજી) અને પ્રશસ્યા સાલી (પૂર્વ વિદ્યાર્થી બેચ–૨૦૨૩ બી.એસસી. બાયોટેકનોલોજી) જેમણે થીમ અનુસાર ખાદ્ય વાનગીઓનું મૂલ્યાંકન કર્યું અને વિજેતાઓની જાહેરાત કરી. વિજેતા થનાર તમામ વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ શુભેચ્છાઓ પાઠવી હતી. વિભાગના અધ્યાપિકા ડૉ. માનસી મહેતાએ કાર્યક્રમના સમર્થન અને યોગદાન માટે સમગ્ર આયોજન ટીમનો આભાર માન્યો હતો.

## Department of Bioscience

### નેશનલ વાઈલ્ડ લાઈફ વીક ઉજવણી





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોસાયન્સ વિભાગ દ્વારા તા. ૦૩ થી ૦૯ ઓકટોબર, ૨૦૨૪ ગુરુવારના રોજ 'નેશનલ વાઈલ્ડ લાઈફ વીક'ની ઉજવણીની શુભ શરૂઆત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. આર સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે ફાઈન આર્ટ્સ વિભાગના સંયુકત ઉપક્રમે, બે દિવસીય તા. ૦૩ અને ૦૪ ઓકટોબર, ૨૦૨૪

કાર્યશાળા 'વર્કશોપ ઓન ફોટોગ્રાફી'નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યશાળા બાયોસાયન્સ વિભાગના વડા ડૉ. કૈલાશ પટેલ તેમજ ફાઈન આર્ટ્સ વિભાગના કૉ–ઓર્ડિનેટર શ્રી અંકિત ચાંગાવાલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં પ્રથમ દિવસે મોબાઈલ ફોન દ્વારા પ્રકૃતિના વિવિધ રૂપોની ફોટોગ્રાફી કરવા માટેની તાલીમ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. તેમજ બીજા દિવસે, સુરત શહેરના પ્રખ્યાત વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર એવા શ્રી અમિત જરીવાલા, નીકોનના રિપ્રેઝન્ટેટીવ, શ્રીમતી જાદવાની અને સંયમ શાહ દ્વારા વાઇલ્ડ લાઈફ ફોટોગ્રાફી અંગેની તાલીમ વિદ્યાર્થીઓન આપવામાં આવી હતી. આ કાર્યશાળામાં બાયોસાયન્સ વિભાગના આશરે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## Department of Commerce

### સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ









તા. ૨જી ઓકટોબરના રોજ ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણીનું આહવાન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત તા. ૦૨/૧૦/૨૦૨૪ના રોજ સ્વચ્છતા દિવસ નિમિત્તે સુરત શહેર સ્થિત ડુમસ દરિયા કિનારા ખાતે પ્લાસ્ટિક એકત્રિકરણ અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમનું આયોજન સુરત મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સમાં સંચાલિત રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના સ્વયં સેવક/સેવિકાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં યુથ એન્ડ અફેસના સન્માનનીય સેક્રેટરી શ્રીમીતા રાજીવલોચનજી, સુરત મહાનગર વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, સુરત મહાનગર પાલિકાના મેયર શ્રી દક્ષેશ માવાણી, સુરત મહાનગર પાલિકાના કમિશનરશ્રી શાલિની અગ્રવાલ, ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ, ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા તેમજ NSSના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્ર તથા મુકેશ રોહિત NSS પ્રોગ્રામ ઓફિસર ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સના વિદ્યાર્થીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, NSS પ્રોગ્રામ કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્ર દ્વારા યુથ એન્ડ અફેર્સના સન્માનનીય સેક્રેટરી શ્રી મીતા રાજીવલોચનના ભવ્ય સ્વાગત દ્વારા થઈ હતી. સ્વાગત અંતર્ગત NSSના વિદ્યાર્થીઓએ બંને તરફ લાઈનમાં ઉભા રહી સેક્રેટરીશ્રીને આવકાર્યા હતા. કાર્યક્રમમાં શ્રીમતી મીતા રાજીવલોચનજી દ્વારા હાજર ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સના NSS સ્વયંસેવકો સાથે વિશેષ વાર્તાલાપ કર્યો હતો અને સ્વયંસેવકો દ્વારા થતા અમુક સુચનો આવકાર્ય હતા. કાર્યક્રમમાં સૌએ સાથે મળીને સ્વચ્છતાની શપથ લીધી અને ત્યારબાદ હાજર સૌ મહાનુભાવોએ સફાઈ અભિયાનની શરૂઆત કરી હતી.

### રાસ ગરબા પર્વની ઉજવણી





તા. ૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ વિશ્વવિદ્યાલયના વાણિજ્ય વિભાગ દ્વારા નવરાત્રીના તહેવારની ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. રાસ–ગરબા પર્વની શરૂઆત દેવી નવદુર્ગાની આરાધના સાથે દીવા પ્રગટાવી, આરતી સાથે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ 'ગરબા'માં સંપૂર્ણ ઉત્સાહ, ઉર્જા અને જોમ સાથે ઝૂમ્યા હતા. ડૉ. યશોધરા ભટ્ટ, ડૉ. ધવલ પટેલ તથા ડૉ. અંકિત ચાંગવાલા અને નિર્ણાયક તરીકેની ભૂમિકા નિભાવી હતી. મહેતા ફેની અને મૌર્યા અભિષેકને શ્રેષ્ઠ ગરબા પ્રદર્શન માટે અને સોનાલી યાદવ અને નિતેશ સોનીને તેમના ટ્રેડીશનલ વેશભૂષા માટે ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમ નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ હાજરી આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. દીપેશ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## Department of Comprative Literature

### યૂકો રાજભાષા સમ્માન ૨૦૨૩–૨૪






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગમાં તા. ૧૪/૦૯/૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે 'હિન્દી ભાષા દિવસ' મનાવવામાં આવ્યો હતો. જેમાં સ્વરચિત કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના અધ્યક્ષ સ્થાને, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીજીના વિશેષ અતિથિપદે અને તુલનાત્મક સાહિત્ય વિભાગના વડાશ્રી ડૉ. ભરત ઠાકોરના નિમંત્રકપદે અને તેમની રાહબરીમાં નવલરામ સભાગૃહમાં યોજાયો હતો.

આ કાર્યક્રમ બાબતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી અને કુલસચિવશ્રીએ શુભેચ્છાઓ મોકલી હતી. વિભાગના કૉ–ઓર્ડિનેટર અને ભારત સરકારના ગૃહ મંત્રાલયમાં રાજભાષા સલાહકાર સમિતિના સદસ્ય ડૉ. ભરત ઠાકોરે પોતાના પ્રવચનમાં હિન્દી રાજભાષાની સાથે સાથે સંસ્કૃતિ અને એકતા એકાત્મનું પ્રતીક છે, ભાવ અને ભાષા દ્વારા ભારતીય સંસ્કૃતિનું પ્રગટીકરણ થાય છે. વધુમાં જણાવ્યું હતું કે, તા. ૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૯ના રોજ ભારતીય સંવિધાન સભાએ હિન્દી ભાષાને ભારતની રાજભાષા તરીકે અધિકૃત કરી હતી. વર્તમાન ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષે ડિજિટલ યુગમાં હિન્દી થીમ હેઠળ હિન્દી ભાષાની વિકાસયાત્રાને આગળ વધારવાના પ્રયાસો, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત ભારતીય ભાષાઓના ઉત્કર્ષ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ડૉ. મહેશ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં હિન્દી સે હિન્દુસ્તાની વગેરે બાબતો પર પોતાના વિચારો વ્યકત કર્યા હતા.

આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના તુલનાત્મક સાહિત્ય વિભાગ, પત્રકારત્વ વિભાગ, અંગ્રેજી વિભાગ, બાયોટેકનોલોજી વિભાગ, ગુજરાતી વિભાગ અને અન્ય કૉલેજોમાંથી ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં અને સ્વરચિત કાવ્ય પઠન પ્રતિયોગિતામાં ૪૮ થી વધુએ ભાગ લીધો હતો. તેમાં બોત્સવાના દેશના બોબીએ પોતાની સ્વ રચિત રચના હિન્દીમાં રજૂ કરીને હાજર રહેલ સૌમાં ઉત્સાહ વધાર્યો હતો. કાવ્ય પઠન સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. મહેશ પટેલે અને ડૉ. ભાવેશ જાદવે ભૂમિકા ભજવી હતી.

આ કાર્યક્રમની સુંદરતામાં વધારે કરવા યુકો બેંકના મેનેજરની આલોકકુમાર અને રાજભાષા અધિકારી શ્રી શિવમ ઉપાધ્યાયજી બિન–હિન્દી ભાષી રાજ્યમાં હિન્દીને પ્રોત્સાહન આપવા માટે તુલનાત્મક સાહિત્ય વિભાગમાં કાર્યરત 'હિન્દી સેન્ટર'માં એમ.એ.સેમેસ્ટર–૪ના દર વર્ષે સૌથી વધારે ટકાવારી સાથે ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓને યુકો બેન્ક દ્વારા પ્રાયોજિત ધનરાશિથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ગામીત આયુષીબેન વિકાસભાઈને ૨૫૦૦, વસાવા દિવ્યેશભાઈ ચસમનભાઈને ૨૫૦૦, બિરારી મયુરીબેન શાંતુભાઈને ૨૫૦૦ અને ગાંવિત પલ્લવીબેન રમણભાઈને ૨૫૦૦ રૂપિયા રોકડા આપી સન્માનિત કર્યા હતા. કાવ્ય પઠન સ્પર્ધામાં આ સિવાય ત્રણ નવા ઉભરતા કવિઓનો અને પત્રકારત્વ વિભાગના એક વિદેશી વિદ્યાર્થી બોબી દ્વારા રજૂ કરવામાં આવેલી કવિતાને પણ પ્રોત્સાહિત કરવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે દેસાઈ દ્રષ્ટિને પુરસ્કાર રૂપે ૧૦૦૦, દ્વિતીય ક્રમે ઝા અમીષાને પુરસ્કાર રૂપે ૭૦૦ તથા તૃતીય ક્રમે ગુપ્તા સુમનને ૫૦૦ ધનરાશીથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં હિન્દી વિષયના વિદ્યાર્થીઓએ ભાષા ગૌરવને રજૂ કરતુ નૂકકડ નાટક રજૂ કરીને ભાષા ગૌરવ રાષ્ટ્ર નિર્માણમાં કેવી રીતે મહત્વનું છે તે દર્શાવેલ. કાર્યક્રમનું સમગ્ર આયોજનમાં સુશ્રી નિર્માળ પટેલે મહત્વની ભૂમિકા ભજવી હતી. તુલનાત્મક સાહિત્ય વિભાગના સૌ પ્રાધ્યાપકોની પ્રેરક ઉપસ્થિતિ અને માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો.

## ફ્રોડને રોકવા માટે બેંક ઓફ બરોડા દ્વારા આયોજિત જાગૃતિ અભિયાન






વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તુલનાત્મક સાહિત્ય વિભાગમાં તા. ૧૯/૦૯/૨૦૨૪ ગુરુવારના રોજ બેંક ઓફ બરોડા દ્વારા બેંકના નામે ચાલતા ફ્રોડ કોલ, મેસેજ, લિંક વગેરે દ્વારા કરવામાં આવતી છેતરપિંડીથી કેવી રીતે બચી શકાય એના ભાગરૂપે જાગૃતિ અભિયાન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ જાગૃતિ અભિયાન કાર્યક્રમમાં તુલનાત્મક સાહિત્ય વિભાગના વડાશ્રી ડૉ. ભરત ઠાકોરની પ્રેરણા અને સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તુલનાત્મક વિભાગના પ્રાધ્યાપક ડૉ. મુકેશભાઈ વસાવા તથા અન્ય પ્રાધ્યાપક ગણ તેમજ બેંક ઓફ બરોડાની શાખામાંથી પધારેલ બ્રાન્ચ મેનેજરશ્રી તથા ચીફ મેનેજર અનિલકુમાર અને વિવેકકુમારજી હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમની શોભા વધારનારા તુલનાત્મક સાહિત્ય, સંસ્કૃત અને હિંદી વિષયના વિદ્યાર્થીઓએ હર્ષભેર હાજરી આપી હતી. મહેમાનોના હસ્તકે દિપ પ્રાગટય થઈ રહ્યું હતું ત્યારે સંસ્કૃતની સેમેસ્ટર-૩ની વિદ્યાર્થીનીઓએ શ્લોકનું પારાયણ કરી વાતાવરણને ઉલ્લાસમય બનાવ્યું હતું. બેંકમાંથી પધારેલ શ્રીમાન અનિલજી અને શ્રીમાન વિવેકકુમારે બેંક ખાતાધારકોને લાલચ આપી છેતરપિંડી કરી કરવામાં આવતું નુકસાન અને એનાથી બચવાના ઉપાયોનું માર્ગદર્શન આપ્યું હતું. સાથે-સાથે વિદ્યાર્થીઓને અને અધ્યાપકોને વિવિધ યોજનાઓ અંતર્ગત માહિતી આપી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષા માટે આપવામાં આવતી એજ્યુકેશન લોન અને ૧૮ થી ૨૫ વર્ષના યુવાઓ માટે શૂન્ય બેલેન્સથી બચત ખાતુ ખોલી શકાય એ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. અને આ કાર્યક્રમનું સંચાલન હિન્દી વિષયના વિદ્યાર્થીઓએ તુલનાત્મક સાહિત્ય વિભાગના પ્રાધ્યાપકો અને કાર્યકર્તાઓનો સહયોગ પ્રાપ્ત કર્યો હતો. કાર્યક્રમ પૂર્ણ કરવા માટે હિન્દી વિભાગના પ્રા. પટેલ નિર્મળાબેન દ્વારા આભાર વ્યક્ત કરી કાર્યક્રમને પૂર્ણ કર્યો હતો.

## દુર્ગાયજ્ઞ અને ગરબા દિવસ









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગમાં તા. ૦૮/૧૦/૨૦૨૪ મંગળવારના રોજ નવરાત્રી પર્વ નિમિત્તે 'દુર્ગાયજ્ઞ' અને 'રાસ ગરબા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીજીના વિશેષ અતિથિ પદે અને વિભાગના સંયોજકશ્રી ડૉ. ભરતભાઈ ઠાકોરની રાહબરીમાં કરવામાં આવ્યું હતું. દુર્ગાયજ્ઞ સવારે ૯:૦૦ કલાકે શરૂ કરી બપોરે ૧:૦૦ કલાકે પુર્ણાહૂતિ કરવામાં આવી હતી. જેમાં તુલનાત્મક સાહિત્ય વિભાગના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ અને જુદા જુદા વિષયના વિદ્યાર્થીઓ તેમજ વિશ્વવિદ્યાલયના અન્ય વિભાગોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

યજ્ઞ કરવાનો મુખ્ય હેતુ અનિષ્ટનો નાશ અને સત્યની સ્થાપના હતો. વળી, વર્તમાન યુગમાં વિશ્વ જ્યારે પોતાની સંસ્કૃતિને છોડીને પશ્ચિમ સંસ્કૃતિ તરફ જઈ રહ્યું છે ત્યારે વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ તરફ પાછા ફરે, ભારતીય સંસ્કૃતિની ભવ્ય વિરાસતને જાણે તે હેતુથી આ યજ્ઞ રખાયો હતો. ત્યારબાદ બપોરે ૦૧:૦૦ કલાકે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગના તમામ કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ હર્ષોલ્લાસ સાથે ૪:૦૦ કલાક સુધી ગરબાના તાલે રાસ રમી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

## 'સંસ્કૃત દિવસ મહોત્સવ તથા વૃક્ષારોપણ' કાર્યક્રમ









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગમાં તા. ૧૩/૮/૨૦૨૪ના રોજ 'સંસ્કૃત દિવસની' ઉજવણી કરવામાં આવી. જેમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા તુલનાત્મક સાહિત્ય વિભાગના વડાશ્રી ડૉ. ભરતભાઈ ઠાકોર તથા પ્રાધ્યાપક ડૉ. મુકેશભાઈ વસાવા તથા અન્ય પ્રાધ્યાપકગણ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો. જેમાં મુખ્ય વકતા 'સંસ્કૃત ભારતી' સુરત શહેરના મુખ્ય શિક્ષક પ્રમુખ આર્ય દેવગોપે વિશ્વમાં સંસ્કૃત ભાષાના મહત્વ સંદર્ભે પોતાનું વકતવ્ય આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સંસ્કૃત સેમેસ્ટર–૧ની વિદ્યાર્થીનીઓએ સંસ્કૃત ગીત પર કૃતિ રજૂ કરી હતી. તથા સેમેસ્ટર–૧ની વિદ્યાર્થીનીઓએ શિવતાંડવનું સુંદર ગાન કર્યું હતું. આ ઉપરાંત સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીનીઓએ પણ સ્વાગત ગીત અને મહિષાસુરમર્દિની સ્ત્રોત પર પોતાની કલાત્મક કૃતિ રજૂ કરી હતી. સેમેસ્ટર–૧ના વિદ્યાર્થી જય કોસંબીયાએ સંસ્કૃતની વિશેષતાઓ પર પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું. સેમેસ્ટર–૩ના વિદ્યાર્થી મનિષ વસાવાએ આદિ શંકરાચાર્યના જીવન વિશે વકતવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રીની ઉપસ્થિતિમાં **"एक पेड़ माँ के नाम"** અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ કર્યો હતો.

## ગુરુપૂર્ણિમા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગમાં તા. ૦૬/૦૮/૨૦૨૪ના રોજ 'ગુરુપૂર્ણિમા'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થી દ્વારા જ સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો પ્રારંભ વિદ્યાર્થી દ્વારા ગુરુઓને તિલક કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ બનાવેલ કલાત્મક પ્રાકૃતિક પુષ્પગુચ્છ દ્વારા ગુરુઓને સ્વાગત કરવામાં આવ્યું હતું. ગુરુપૂર્ણિમાના કાર્યક્રમ અંતર્ગત તુલનાત્મક સાહિત્ય વિભાગના વડાશ્રી ડૉ. ભરતભાઈ ઠાકોરની ઉપસ્થિતિએ કાર્યક્રમને શોભાવ્યો હતો. આ ઉપરાંત તુલનાત્મક સાહિત્ય વિભાગના પ્રાધ્યાપક ડૉ. મુકેશભાઈ વસાવા તથા અન્ય પ્રાધ્યાપકગણ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો. આ કાર્યક્રમની સુગંધ એવા વિદ્યાર્થીઓને કેમ ભૂલાય? આપ સૌની ગરિમાનય ઉપસ્થિતિથી આ કાર્યક્રમને મેઘધનુષ સમાન આકર્ષણ પ્રાપ્ત થયું હતું. ગુરુઓના હસ્તકે જ્યારે દીપ પ્રાગટય થઈ રહ્યું હતું. ત્યારે સેમેસ્ટર–૧ની દિકરીઓએ ગુરુપાદુકા સ્ત્રોતનું પારાયણ કરી વાતાવરણને ભકિતમય બનાવ્યું હતું. આ ઉપરાંત હિન્દી અને સંસ્કૃત વિષયના

સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૩ના વિદ્યાર્થીઓ દ્વારા વકતવ્ય રજૂ કરાયું હતું તથા સેમેસ્ટર–૧ હિન્દી વિદ્યાર્થીનીઓ દ્વારા ખૂબ જ સુંદર રંગોળી બનાવી ગુરુઓ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવી હતી. અંતે સેમેસ્ટર–૩નો વિદ્યાર્થી રાહુલ વસાવા દ્વારા આભારવિધિ કરી કાર્યક્રમને પૂર્ણતાનું રૂપ આપ્યું હતું.







**Department of Economics**

## 'વિકાસ સપ્તાહ ૨૦૨૪' અંતર્ગત ભારત વિકાસ પ્રતિજ્ઞા કાર્યક્રમ

તા. ૭ થી ૧૫ ઓકટોબર ૨૦૨૪ દરમિયાન ગુજરાત સરકાર દ્વારા 'વિકાસ સપ્તાહ ૨૦૨૪'ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. તે અંતર્ગત તા. ૮/૧૦/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગનાં વડાશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામી, વિભાગનાં અન્ય અધ્યાપકગણ તથા વિભાગ ખાતે એમ.એ.સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા ભારત વિકાસ પ્રતિજ્ઞા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં વિકાસની ચેતના અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધતા ફેલાવવાનો હતો. જેમાં અધ્યાપકગણ તથા વિદ્યાર્થીઓ એમ કુલ ૯૦ સભ્યો દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. વિકાસ પ્રતિજ્ઞા કાર્યક્રમના માધ્યમથી ભાગ લેતા વિદ્યાર્થીઓને રાષ્ટ્રના વિકાસમાં સક્રિય ભૂમિકા નિભાવવાની પ્રેરણા આપવામાં આવી અને ભારતને વૈશ્વિક સ્તરે પ્રગતિશીલ રાષ્ટ્ર બનાવવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી. પ્રસ્તુત ભારત વિકાસ પ્રતિજ્ઞા કાર્યક્રમનાં આયોજન બદલ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ ઉપરાંત 'વિકાસ સપ્તાહ ૨૦૨૪' અંતર્ગત યુવા વર્ગની સહભાગિતા–વિશ્વવિદ્યાલય સંલગ્ન વિવિધ કૉલેજો અને વિવિધ વિભાગોમાં નિબંધ સ્પર્ધા, ગુજરાતના મહત્વના સ્થળોનું સુશોભન, ભીતચિત્રો, વકતૃત્વ સ્પર્ધા સ્ટાર્ટઅપ ટોક, ક્વીઝ સ્પર્ધા વગેરે કાર્યક્રમોનું આયોજન વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજો અને વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવી રહ્યું છે.











## Department of Business & Industrial Management (DBIM)

### Freshers Party

The department students had organized a Freshers Party on 1st October, 2024. It was as a memorable day in the life of every fresher of academic year 2024-2026 batch. The fresher's day was filled with excitement, joy, music, enthusiasm, laughter and happiness. The event gave an opportunity to seniors and juniors to bond and unite to celebrate being part of the Department. Students were welcomed with the so much of enthusiasm.





### Program Week

### Session 1: Orientation Program

The Department had organized Orientation Program Week from 3rd September, 2024, Tuesday. The objective of this program was to acclimatize the students to the new environment and get them acquainted with the institution's culture. The orientation program started with watering of the plant and a welcome address by the Professor & Head of the Department Dr. Manish Sidhpuria, where he briefed the students on how to use their time to have good academic year and achieve holistic development. The students were briefed about the Department's activities, infrastructure, placement, pedagogy, examination pattern, study tours, etc. by the faculty members and the placement officer of the Department. The orientation program comprised interesting activities like management games, ice breaking session, corporate guest lectures and campus orientation sessions. The rationale for orientation was to ensure a smooth transition for the students into the Department system.

### Session 2: Ice Breaker

The Department had organized an Ice Breaking Session for the first year students on 3rd September, 2024. Since all the students were new to each other, the activity was conducted so that the ice is broken and students get to know each other. This helped students to build trust and a spirit of unity and get engaged with each other and with their work. It helped them to get on the same page, work together and increase their motivation to complete tasks in timely manner. The session was coordinated by the Placement Officer of the Department Mr. Darshan Purohit.

### Session 3: Career in Retailing

The Department had organized a session on Career in Retailing for the first year students on 3rd September, 2024. The session gave the insight to students about the career opportunities in retail industry. The speaker also briefed the students on retail career job titles, duties, etc. The session was coordinated by the Placement Officer of the Department Mr. Darshan Purohit.








## Teachers Day Celebration

The teacher's day was celebrated by the students of the department on 5th September, 2024 to express their gratitude for the immense contribution put forth by their teachers towards their development. The students greeted the teachers with tulsi plant, fostering an environmentally friendly gesture. The whole event was meticulously planned by the students. The entire celebration paved a new hope for teachers to rejoice the journey as a teacher.






## Department of Fine Arts and Interior Design

### 'સ્વચ્છ ભારત ચિત્રાંકન સ્પર્ધા'નું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બેચલર ઓફ ફાઈન આર્ટ્સ વિભાગ દ્વારા વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ સ્વચ્છ ભારત અંતર્ગત સ્પર્ધાઓનું આયોજન કરાયું. ફાઈન આર્ટ્સ વિભાગ દ્વારા તાજેતરમાં સ્વચ્છ ભારત અભિયાન પહેલને પ્રોત્સાહન આપવા શ્રેણીબદ્ધ સ્પર્ધાઓનું આયોજન કર્યુ હતું. આ આયોજન ફાઈન આર્ટ્સ વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી અંકિતકુમાર એમ. ચાંગાવાલા, કૉ–ઓર્ડિનેટર કૃતિ પટેલ, દિપ્તી બાટલાવાલા અને પાયલ પાંડવ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અંગે સર્જનાત્મકતા અને જાગૃતિને પ્રોત્સાહન આપવાનો હતો. MYGOV.IN વેબ સાઈટ અંતર્ગત પોસ્ટર મેકિંગ, સ્લોગન– રાઈટિંગ, કવિતા લેખન તથા રીલ મેકિંગ સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ચિત્રાંકનમાં જાહેર સ્વચ્છતા, કચરો વ્યવસ્થાપન અને પર્યાવરણીય સંરક્ષણ જેવી અનેક થીમ કેન્દ્રિત હતી.





### 'વ્યવસાયિક તકો' વિષય પર સેમિનારનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગ દ્વારા તા. ૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ બપોરે ૦૧:૩૦ કલાકે જ્ઞાન સેતુ શ્રેણીની સેમિનાર 'ઇન્ટિરિયર ડિઝાઈન બાદ વ્યવસાયિક તકો'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારના મુખ્ય પ્રવકતા પ્રો. મયુર ચાહવાલાએ ઇન્ટિરિયર ડિઝાઈન ક્ષેત્રમાં વ્યવસાયિક તકો, ઉદ્યોગસાહસિકતા અને નવીનતા, ઇન્ટિરિયર ડિઝાઈન બાદના કારકિર્દી વિકલ્પો અને ડિઝાઈન બિલ્ડ જેવી વિવિધ પ્રથાઓ પર અવલોકન આપ્યું હતું. તેમજ વિવિધ ડિઝાઈન કંપનીઓના કેસ સ્ટડી અને ઇન્ટિરિયર ડિઝાઈનરની ભૂમિકા પર પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ સેમિનારનું આયોજન શિક્ષક સહાયકશ્રી સ્નેહલ પટેલ દ્વારા માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ડૉ. આર.સી.ગઢવી અને વિભાગીય સંયોજકશ્રી મેહુલ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોને ઇન્ટિરિયર ડિઝાઈનના વ્યવસાયિક પાસાઓને સમજવામાં અને નવીનતા અપનાવવા માટે માર્ગદર્શિત કરવાનો હતો.






## ઇન્દોર ખાતે રીજ્યોનલ આર્ટિસ્ટ મીટનું આયોજન





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ફાઈન આર્ટ્સ વિભાગ દ્વારા મધ્ય પ્રદેશના ઇન્દોરમાં અભ્યાસ પ્રવાસના ભાગરૂપે રીજ્યોનલ આર્ટિસ્ટ મીટનું સફળ આયોજન કર્યું હતું. ૫૪ વિદ્યાર્થીઓ અને ૭ ફેકલ્ટી સભ્યોએ પ્રસિદ્ધ મેટલ કલાકાર, પ્રોડક્ટ ડિઝાઈનર અને TEDx સ્પીકર શ્રી દેવલ વર્માના સ્ટુડિયોની મુલાકાત લેવાનો અવસર મળ્યો.

મુલાકાત દરમિયાન, શ્રી દેવલ વર્માએ તેમના મેકેનિકલ ઇન્જિનિયરથી જાણીતા પ્રોડક્ટ ડિઝાઈનર અને સ્ક્રેપ મેટલ કલાકાર બનવાની પ્રેરણાદાયક સફરની વાત કરી. તેમણે તેમના સર્જન પ્રક્રિયા વિશે મહત્વપૂર્ણ માહિતી આપી અને તેમના કલા કાર્યની ચર્ચા કરી, જે વિદ્યાર્થીઓને મેટલ કલા શીખવા અને સમજવા માટે ખૂબ ખૂબ ઉપયોગી બની.

આ કાર્યક્રમના કૉ–ઓર્ડિનેટર શ્રી કૃણાલ કંસારા દ્વારા અને ફાઈન આર્ટ્સ વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી અંકિતકુમાર એમ. ચાંગાવાલાના માર્ગદર્શન હેઠળ આર્ટિસ્ટ મીટનું આયોજન કરવામાં આવ્યું હતુ. ફાઈન આર્ટ્સ વિભાગ તરફથી વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીનો વિદ્યાર્થીઓને આ શ્રેષ્ઠ અનુભવ ઉપલબ્ધ કરાવવા બદલ વ્યક્ત કર્યો હતો. આ પહેલ વિદ્યાર્થીઓને આધુનિક કલા પ્રથાઓ વિશે જાણકારી આપવાનો અને તેમની સર્જનાત્મકતામાં સુધારો કરવાનો મહત્વપૂર્ણ અવસર છે.

## Department of Gujarati

### 'શ્રણવન્તુ' શ્રેણી અંતર્ગત પ્રથમ વિશેષ વ્યાખ્યાન








તા. ૭/૧૦/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગમાં 'શ્રણવન્તુ' શ્રેણી અંતર્ગત પ્રથમ વિશેષ વ્યાખ્યાન 'સાહિત્ય અને નાટયકલાનો

સંબંધ' વિષય પર યોજાયું હતું. આ વ્યાખ્યાન ભાષા સાહિત્ય અને સંસ્કૃતિ અધ્યયન સંસ્થાન ગુજરાત કેન્દ્રિય વિશ્વ વિદ્યાલય કુંઢેલા, વડોદરાના અધ્યાપક ડૉ. દીપક ભટ્ટ દ્વારા આપવામાં આવ્યું હતું. નાટયકલાનો જન્મ ક્યારે થયો? ત્યાંથી આરંભીને ભારતીય, પાશ્ચાતાપ તથા ચીન–જાપાનની રંગભૂમિના ઉદાહરણો આપી દરેક કલાઓ સાથે નાટકને કઈ રીતે અને કેવો સંબંધ છે તે વિગતવાર સમજાવ્યું હતું. આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા, વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલ તથા અધ્યાપકો ઉપસ્થિત રહ્યા અને પ્રશ્નોતરી પણ કરવામાં આવી હતી. જેમાં ૪૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## 'શ્રણ્વન્તુ' શ્રેણીનું બીજું વ્યાખ્યાન








વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ગુજરાતી વિભાગ, ખાતે વિશ્વવિદ્યાલયના ૬૦ વર્ષની ઉજવણીનાં ભાગરૂપે શરૂ કરવામાં આવેલ 'શ્રુણ્વન્તું' વ્યાખ્યાન શ્રેણીનું બીજું વ્યાખ્યાન યોજાઈ ગયું. આ વ્યાખ્યાનમાં સાહિત્ય અને શિલ્પકલાનાં સંબંધ વિશે વાત કરવા માટે વકતા તરીકે પ્રો. નૈષધ જાની (સાર્વજનિક વિશ્વવિદ્યાલય, સુરત) ઉપસ્થિત રહ્યા હતા.

શિલ્પકલાના ઉદ્ભવથી જ સાહિત્યકલા સાથે કઈ રીતનો સંબંધ છે તેની વાત કરતા જઈ ભારતીય પરંપરામાં જન્મેલી બૌદ્ધ પરંપરા – જાતકકથાઓ અને એના આધારે બનેલાં શિલ્પોની પાવરપોઈન્ટ પ્રેઝેન્ટેશનથી વાત કરી. શિલ્પકલાના વિશિષો, એમાં નેરેટ કરવાની વિભિન્ન રીતો, શૈલીઓ, વાર્તાને શિલ્પબદ્ધ કરવા માટેની પરંપરાઓ ઉદાહરણો સાથે સમજાવી હતી. આ જ રીતે હિન્દુ પરંપરાની કથાઓ અને એને આધારિત શિલ્પોની વિગતે છણાવટ કરતા જઈ રસપ્રદ રીતે શિલ્પ પરંપરા, એના મૂળભૂત સિદ્ધાંતો, સાહિત્યકલા સાથેનું અભિન્ન એવું જોડાણ ઇત્યાદિ બાબતોને સમાવતું રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. સમાન્તરે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોતરી કરતા જઈને ઇન્ટરએક્ટિવ પદ્ધતિએ વિદ્યાર્થીઓની જિજ્ઞાસાને સંતોષવાનું કાર્ય પણ કર્યુ હતું.

આ શ્રેણીના સંયોજક ડૉ. નરેશ શુક્લાએ વ્યાખ્યાનને અંતે સાહિત્ય અને શિલ્પકલાના સંબંધને સમજવાથી કઈ રીતે સાહિત્યકલાને સમજવામાં વધારાના પરિમાણો ઉમેરાય છે તેની વાત કરવા સાથે વકતાના વ્યાખ્યાનને વધાવ્યું હતું. આ પ્રસંગે વિભાગના અધ્યાપકો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રો. હેતલ ચૌધરીએ કાર્યક્રમનું સંચાલન કર્યુ અને આભારવિધિ શ્રી રવિ મોકાશી દ્વારા કરવામાં આવી. વ્યાખ્યાનમાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

## 'શ્રણ્વન્તુ' શ્રેણીનું ત્રીજું વ્યાખ્યાન





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ગુજરાતી વિભાગ, ખાતે વિશ્વવિદ્યાલયના ૬૦ વર્ષની ઉજવણીનાં ભાગરૂપે શરૂ કરવામાં આવેલ 'શ્રુણ્વન્તું' વ્યાખ્યાન શ્રેણીનું ત્રીજું વ્યાખ્યાન યોજાયું હતું. આ વ્યાખ્યાનમાં સાહિત્ય અને શિલ્પકલાનાં સંબંધ વિશે વાત કરવા માટે વકતા તરીકે પ્રો. નિસગ આહીર (ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ) ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય જીવનદર્શન સાથે કલાઓના વિવિધ પ્રકારોની વાત કરી ચિત્રકલાના ઉદ્‌ભવથી જ સાહિત્યકલા સાથે કઈ રીતનો સંબંધ છે? તેની વાત કરતા જઈ ચિત્રકલાના નમુનાઓ તરીકે પોથીચિત્રો, કવિતા પરથી ચિત્રો અને ચિત્રો પરથી કવિતા કેવી રીતે રચાય આવી છે એ સમજાવ્યું આ બધા ઉદાહરણો દ્વારા સાહિત્ય અને ચિત્રકળાના સંબંધ વિશે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનથી વાત કરી. ચિત્રકલાના વિશેષો, એમાં નેરેટ કરવાની વિભિન્ન રીતો, શૈલીઓ તેમજ ભારતીય અને પાશ્ચાત્ય ચિત્ર પરંપરા અને ચિત્રકારો વિશે વાત કરી હતી. એના મૂળભૂત સિદ્ધાંતો, સાહિત્યકલા સાથેનું અભિન્ન એવું જોડાણ ઇત્યાદિ બાબતોને સમાવતું રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. સમાન્તરે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોતરી કરતા જઈએ ઇન્ટરએક્ટિવ પદ્ધતિએ વિદ્યાર્થીઓની જિજ્ઞાશાને સંતોષવાનું કાર્ય પણ કર્યું હતું.

આ શ્રેણીના સંયોજક ડૉ. નરેશ શુકલએ વ્યાખ્યાનને અંતે સાહિત્ય અને ચિત્રકલાના સંબંધને સમજવાથી કઈ રીતે સાહિત્યકલાને સમજવામાં વધારાના પરિણામો ઉમેરાય છે તેની વાત કરવા સાથે વકતાના વ્યાખ્યાનને વધાર્યુ હતું. આ પ્રસંગે વિભાગના અધ્યાપકો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. વિધિ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યુ અને આભારવિધિ ડૉ. હેતલ ચૌધરી દ્વારા કરવામાં આવી.

## Department of Sociology

### સ્વચ્છતા હી–સેવા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગના એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામ દ્વારા વિશ્વવિદ્યાલયના ૬૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે તા. ૧/૧૦/૨૦૨૪, મંગળવારના રોજ સ્વચ્છતા હી સેવા–૨૦૨૪ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામા આવ્યું હતું. આ પ્રસંગે 'સ્વચ્છતા અભિયાનમાં યુવાનોની ભૂમિકા' વિષય પર વકૃતત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય જજ તરીકે અર્થશાસ્ત્ર વિભાગના મદદનીશ અધ્યાપક, ડૉ. મનીષ પટેલ, સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ.એમ.એન.ગાયકવાડ, એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. અરુણ પંડ્યા તથા અન્ય અધ્યાપકશ્રીઓ અને MSWના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે સમાજશાસ્ત્ર વિભાગના વડાશ્રી દ્વારા કાર્યક્રમનાં મુખ્ય જજ ડૉ. મનિષ પટેલનું પુષ્પગુચ્છ આપીને સન્માન કર્યુ હતું. કાર્યક્રમની શરૂઆત વકતૃત્વ સ્પર્ધાથી કરવામાં આવી હતી. વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અંગેના તેમના વિચારોને સાર્થક અને તર્કબદ્ધ રીતે રજૂ કર્યા હતા. ચિત્ર સ્પર્ધામાં, વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ દ્વારા તેમના કલાત્મક અભિગમને આકર્ષક રીતે પ્રદર્શન કર્યું હતું. જેમાં સ્વચ્છતા અને તેની મહત્વપૂર્ણ ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધામાં, વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અભિયાનને આધારે પોતાના વિચારોથી સમૃદ્ધ નિબંધો લખ્યા હતા. જેમાં સ્વચ્છતા અભિયાન અને વિવિધ સ્તરે યુવાનોની ભૂમિકા અંગેનું નિરૂપણ રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમો દ્વારા યુવાનોમાં સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિ વધારવા અને તેમને આ અભિયાનમાં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે વિજેતાઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવીનાં માર્ગદર્શન તેમજ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. એમ.એન.ગાયકવાડ તથા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. અરુણ પંડયાની દેખરેખ હેઠળ MSW પ્રોગ્રામના અધ્યાપકશ્રી નવિનકુમાર રોહિત તથા શ્રીમતી પ્રિયંકા પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં વિભાગના અધ્યાપકોશ્રી નવિનકુમાર રોહિત તથા પ્રિયંકા પરમાર દ્વારા આ કાર્યક્રમને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સમર્થન આપનારા તમામ વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓનો આભાર માન્યો હતો.

### અંગદાન જાગૃતિ વિષય પર સેમીનાર







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામ તથા ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન, સુરતના સંયુકત ઉપક્રમે તા. ૦૪/૦૯/૨૦૨૪, બુધવારના રોજ 'અંગદાન જાગૃતિ' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, સિનિયર નેફ્રોલોજિસ્ટ ડૉ. દીપક તમાકુવાલા, ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન સુરતના પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી મનીષાબેન પટેલ, સુરત સિટીજન કાઉન્સિલ, સુરતના સભ્યશ્રી એસ.વી.રાણા તથા શ્રીમતી વર્ષાબેન રાણા ઉપસ્થિત રહ્યાં હતાં. આ સાથે સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. એમ.એન.ગાયકવાડ, MSW પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. અરુણ પંડયા તથા અન્ય અધ્યાપકશ્રીઓ અને MSW સેમેસ્ટર–૧ અને ૩નાં કુલ ૧૨૭ જેટલા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે સમાજશાસ્ત્ર વિભાગનાં અધ્યાપકશ્રીઓ દ્વારા વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી તરીકે ડૉ. કે.એન.ચાવડાને બીજી ટર્મ મળવા બદલ ટ્રી પ્લાન્ટ આપીને તેઓનું વિશેષ સન્માન કરી અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા પણ કુલપતિશ્રીને કીડની જાગૃતિ વિષયના પુસ્તકોની કીટ આપીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કુલપતિશ્રીએ કાર્યક્રમનાં સંદર્ભે વિદ્યાર્થીઓને આર્શીવાદ વચન સાથે અંગદાનનું મહત્વ સમજાવી તેને જનઆંદોલનમાં પરિવર્તિત કરવાની હાંકલ કરી હતી. કાર્યક્રમના મુખ્ય વકતા ડૉ. દીપક તમાકુવાલાએ અંગદાનને લગતી વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી અને સાથે અંગદાન સંદર્ભે સમાજમાં પ્રવર્તતી વિવિધ ગેરમાન્યતાઓનું નિરૂપણ કર્યું હતું. કાર્યક્રમમાં અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ અંગદાન તેમજ આરોગ્યને લગતી પ્રશ્નોતરી કરી હતી, જે અંગે ડૉ. દીપક તમાકુવાલા દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ઉપરાંત સરદ કાર્યક્રમમાં ઈન્ડીયા રેનલ ફાઉન્ડેશનના પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી મનીષા પટેલ અને ઇન્ડીયા રેનલ ફાઉન્ડેશનની કામગીરી અને અંગદાનોનાં ડોનેશન અંગે વિદ્યાર્થીઓને વિશેષ માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કુલપતિશ્રી ડૉ. કે.એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ આર.સી.ગઢવીનાં માર્ગદર્શન તેમજ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. એમ.એન. ગાયકવાડ તથા MSW પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. અરુણ પંડયાની દેખરેખ હેઠળ MSW પ્રોગ્રામના અધ્યાપકશ્રી નવીનકુમાર રોહિત દ્વારા વિદ્યાર્થીઓ સાથે રહીને કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ એંકરીંગ MSW Sem-1ની વિદ્યાર્થીની સૈયદ મુબસ્સીરા તથા આભારવિધિ સ્નેહા પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## Department of Statistics

### 'Decision Making Parameters for Career Success' શીર્ષક પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન







તારીખ ૨૪ ઓકટોબર, ૨૦૨૪ના રોજ, વિભાગે સહ–પાઠયક્રમ પ્રવૃત્તિના ભાગ રૂપે 'Decision Making Parameters for Career Success' શીર્ષક પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કર્યું હતું. આ વ્યાખ્યાન શ્રી કિશન પટેલ, Certified Career Analyst, Best Career Counselling, Surat દ્વારા આપવામાં આવ્યું હતું. શ્રી પટેલે પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે ખાસ કરીને Elective વિષયો પસંદ કરતી વખતે મહત્વપૂર્ણ નિર્ણય લેવાના પરિબળોની ચર્ચા કરી. તેમણે કારકિર્દી મેનેજમેન્ટના મહત્વને રેખાંકિત કર્યું અને તેને કારકિર્દી માર્ગદર્શનથી કેવી રીતે અલગ છે તે પર પ્રકાશ પાડયો. તેમણે કરિયર નિર્ણય લેવાની પ્રક્રિયા, કરિયર વ્યકિતત્વ, રસ અને મૂલ્યો જેવા વિષયોની ચર્ચા કરી. વધુમાં, શ્રી પટેલે ભાવનાત્મક બુદ્ધિ, શીખવાની શૈલીઓ અને કારકિર્દી સફળતા માટે વ્યકિતગત કૌશલ્ય અને ક્ષમતાઓને ઓળખવાના મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમના વિચારો વિદ્યાર્થીઓને અસરકારક કારકિર્દી નિર્ણય માટે જરૂરી જ્ઞાન પૂરું પાડનારા હતા. વિભાગ, શ્રી પટેલના સહકાર અને તેમણે વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક ઉન્નતિ અને પ્રગતિ માટે આપેલ માર્ગદર્શન બદલ ખૂબ આભારી છે. આ કાર્યક્રમમાં કુલ ૮૦ વિદ્યાર્થીઓ અને ૯ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક વિભાગના સભ્યોએ ભાગ લીધો હતો.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત રેલીનું અને કૉલેજ કેમ્પસમાં સાફ–સફાઈનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે શરુ કરવામાં આવેલ 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત તા. ૦૧/૧૦/૨૦૨૪ને મંગળવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ NSS અને NCC યુનિટ દ્વારા સ્વચ્છતા જાગૃતિ ફેલાવવાનાં ઉમદા હેતુથી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે રેલી અમરોલી કૉલેજથી શરુ કરી અમરોલી ગામ–જૈન દેરાસર–માનસરોવર–સતાધાર ચોકડી થઈ ફરી અમરોલી કૉલેજ પરત ફરી હતી. જેમાં કૉલેજનાં સ્ટાફનાં તમામ સભ્યોની સાથે કુલ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા. NSSનાં સ્વયંસેવકો અને NSSના કેડેટ્સએ કૉલેજના કલાસ રૂમ અને કૉલેજ કેમ્પસમાં સાફ– સફાઈ કરી આજુબાજુ સાફ–સફાઈ રાખવા સંદેશ આપ્યો હતો.

### નવરાત્રી નિમિત્તે ગરબા સ્પર્ધાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા. ૦૫/૧૦/૨૦૨૪ને શનિવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ નવરાત્રી નિમિત્તે ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટ મંત્રીશ્રી આદરણીય અશ્વિનભાઈ પટેલે શ્રીઅંબા માતાની આરતી કરી ગરબાની શુભ શરૂઆત કરી હતી. જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી પરિવારના તમામ સભ્યો, કૉલેજની સાંસ્કૃતિક સમિતિ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી ગરબે ઝૂમ્યા હતા. જેમાં વિજેતાઓને ટ્રોફી, શિલ્ડ અને ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

### શૈક્ષણિક ઈનામ વિતરણ કાર્યક્રમ



તા. ૦૭/૧૦/૨૦૨૪ના રોજ જીવન જ્યોપ ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક ઈનામ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખ શ્રી ભરતભાઈ શાહ, અતિથિ વિશેષ તરીકે માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ડૉ. મહેન્દ્રભાઈ સોલંકી, આચાર્યશ્રી મુકેશભાઈ ગોયાણી, આચાર્યશ્રી કેયુરભાઈ શર્મા, આચાર્યશ્રી દિલીપભાઈ પરમાર, ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. માર્ટિન પટેલ તથા વિદ્યાર્થીઓ અને એમના વાલીશ્રીઓ હાજર રહી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ઈનામ વિતરણ સમારોહની શુભ શરૂઆત અમરોલી કૉલેજનાં ગીતથી તેમજ એસ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. શાહ નુપુરે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ સમારોહમાં ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓનો શબ્દ દ્વારા આવકાર આપ્યો હતો અને પ્રાધ્યાપક ડૉ. ઋજુતાબેન સી. ગાંધીએ મહેમાનોનો પરિચય આપ્યો હતો. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ શૈક્ષણિક સફળતા મેળવવા બદલ કૉલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા તથા ભવિષ્યમાં એક સારા નાગરિક બનવા માટેનું માર્ગદર્શન તથા સ્વચ્છતા જાળવવા માટે જીવનમાં અપનાવવાના ઉપયોગી નિયમો આપ્યા હતા.

કૉલેજમાં નવા આવનાર પ્રાધ્યાપકનું સન્માન વિશ્વવિદ્યાલયના કુલપતિ આદરણીયશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક સફળતા મેળવનાર

કુલ ૭૫ વિદ્યાર્થીઓને શિલ્ડ આપવામાં આવ્યા હતા. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફ દ્વારા તેમજ શિલ્ડ વિતરણ સંચાલન શ્રી કિશોરભાઈ સોલંકી, ઉર્વીબેન પટેલ, ઉપાસનાબેન હજીરાવાલા, મુસ્કાનબેન પરમાર, કરિશ્માબેન ઢીમ્મરે કર્યું હતું. તેમજ ઉદઘોષક તરીકેની સેવા પ્રા. ડૉ. ઝંખનાબેન પરમાર તથા પ્રા. ડૉ. પરેશભાઈ રબારીએ બજાવી હતી અને આભાર વિધિ પ્રા. રુદ્રનાથ ઝાએ કરી હતી. ઇનામોની જાહેરાત ડૉ. માર્ટિન પટેલ, પ્રા. ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રા. ભરતભાઈ ડી. પટેલ, પ્રા. કનુભાઈ સુતરીયા, પ્રા. હેમાબેન ડી. દવે, પ્રા. જે.બી.ચૌધરી, પ્રા. કનુભાઈ પટેલ, પ્રા. નેહાબેન ઉપાધ્યાય, પ્રા. ડૉ. રીતુ અગ્રવાલ અને પ્રા. ડૉ. ઝંખનાબેન પરમારે કરી હતી. અંતે પ્રા. ડૉ. રુસ્તમ સદરી દ્વારા રાષ્ટ્રગાન કરાવવામાં આવ્યું હતું.

## વિકાસ સપ્તાહની ઉજવણી



તા. ૦૮/૧૦/૨૦૨૪ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે અમરોલી કૉલેજના તમામ સભ્યો અને વિદ્યાર્થીઓએ ભારત વિકાસ શપથ લીધી હતી. તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ અને એન.એસ.એસ સ્વયંસેવકોએ કૉલેજના વર્ગોમાં જઈ ભારત@2047નું વિઝન અને તે વિઝનને સાકાર કરવા, સહભાગી થવા અને સાથ સહકાર આપવા માટે ભારત વિકાસ શપથ લીધી હતી. જે ભારતની એકતા અને અખંડતાને પ્રતીબદ્ધતા અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નાં દષ્ટિકોણ તરફ કામ કરવાનો ભાવ વ્યક્ત કરે છે.

## 'સ્ટાર્ટ અપ ટોક'નું આયોજન

જીવન જ્યોપ ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં તા. ૧૦/૧૦/૨૦૨૪ને ગુરુવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ.સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે 'સ્ટાર્ટ અપ ટોક'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેની શાબ્દિક શરૂઆત ડૉ. મયંક સોઢા દ્વારા કરવામાં આવી હતી અને ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા દ્વારા 'સ્ટાર્ટ અપ' અંગે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આભારવિધિ પ્રા. રાજ તથા સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ અને એન.એસ.એસ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની સફળતાના ભાગરૂપે પ્રા. ક્રિષ્નાબેન, પ્રા. સ્વર્ણિમાબેન, પ્રા. કોમલબેન, પ્રા. ભૂમીબેને હાજરી આપી હતી. ભારત@2047નું વિઝન અને તે વિઝનને સાકાર કરવા, સહભાગી થવા અને સાથ સહકાર આપવા માટે અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નાં દષ્ટિકોણ તરફ કામ કરવાનો ભાવ વ્યક્ત કરી કાર્યક્રમ સફળતા પૂર્વક પાર પડયો હતો.



## વકતૃત્વ, નિબંધ લેખન અને ક્વિઝ સ્પર્ધાનું આયોજન

તા. ૧૧/૧૦/૨૦૨૪ને શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે જીવન જ્યોપ ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'વિકાસ સપ્તાહની' ઉજવણીના ભાગ રૂપે 'વકતૃત્વ, નિબંધ લેખન અને ક્વિઝ સ્પર્ધાનું' આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રા.ડૉ. મનીષભાઈ ટેઈલર, પ્રા.ડૉ. મયંક સોઢા, પ્રા. નિહારિકાબેન જોષી, પ્રા. રાજભાઈ ડુમસીયા, NSS પ્રોગ્રામ ઓફિસર અને NSS સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની સફળતાના ભાગરૂપે પ્રા. મિરલબેન ચાંદેગરાએ હાજરી આપી હતી. તેમજ વિજેતા થયેલા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કર્યા હતા. ભારત@2047નું વિઝન અને તે વિઝનને સાકાર કરવા, સહભાગી થવા અને સાથ સહકાર આપવા માટે અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નાં દષ્ટિકોણ તરફ કામ કરવાનો ભાવ વ્યક્ત કરી કાર્યક્રમ સફળતા પૂર્વક પાર પડયો હતો.



## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### Basic Life Support/CPR Traning Workshop

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧/૧૦/૨૦૨૪ના રોજ Basic Life Support/CPR Traning Workshopનું આયોજન ફેમીલી ફિઝીશયન એસોસિયેશન (FPA) સુરત તથા માનવ સંસ્થાના સંયુકત ઉપક્રમે કૉલેજના સ્ટાફ માટે કરવામાં આવ્યું હતું. જેમાં આમંત્રિત મુખ્ય મહેમાન તરીકે ડૉ. મધસુદન ઉમર અને ડૉ. મહેન્દ્ર સોલંકી તેમજ ડૉ. કે.એન. શેલાડીયા (પ્રેસીડન્ટ, ફેમીલી ફિઝીશયન એસોસિયેશન), ડૉ. પી.પી.મિસ્ત્રી (ફેમીલી ફિઝીશયન એસોસિયેશન), ડૉ. વિનોદ સી. શાહ (ચેરમેન, માનવ સંસ્થા), ડૉ. નીતિન ગર્ગ (કો–ચેરમેન, માનવ સંસ્થા) હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દિપપ્રાગટય કરી કરવામાં આવી હતી. આમંત્રિત મહેમાનોનું સ્વાગત કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. મધસુદનએ તમામ સ્ટાફને Basic Life Support માટેની વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ તમામ ડૉકટરોએ CPR કેવી રીતે આપવું અને કેટલાં સમયમાં આપવું તેની તાલીમ આપી હતી. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ અને ડૉ. નિલેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતે ડૉ. જૈમીન શુકલાએ ડૉકટરો, કૉલેજના આચાર્ય અને હાજર રહેલ તમામ સ્ટાફ સભ્યોની આભારમાની કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.



### Box Cricket VBPL

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં, B.B.A. ઈન્ટર કલાસ બોકસ ક્રિકેટ VBPL લીગનું આયોજન કરવામાં આવ્યું હતું. Box Cricket VBPL અંતર્ગત ગઢવી હિટર્સ, એચ.કે. ટાઈટન્સ, પ્રગતિ ૧૧, મુખીસ મહાબલીસ, પિચ વોરિયર, રોયલ ઇન્ચાન્ટર, શ્રીજી જાઇન્ટ્સ, ઇલાટ સ્ટ્રાઈકરસ, જે.ડી. વોરીયર્સ જેવી નામની ૦૯ ટીમ બનાવવામાં આવી હતી. જે પૈકી ૮૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ મુકાબલો એચ.કે ટાઈટન્સ અને ગઢવી હીટર્સ વચ્ચે થયો હતો. જેમાં એચ.કે.ટાઈટન્સ વિજેતા રહી હતી. બોકસ ક્રિકેટ લીગમાં બેસ્ટ બેસ્ટમેન તરીકે શ્રીજી જાયન્ટ્સનો ખેલાડી કીર્તન સિંહ અને બેસ્ટ બોલર તરીકે ગઢવી હિટર્સનો ખેલાડી મંથન ગજેરા જાહેર થયા હતા. ઓલરાઉન્ડ પ્રદર્શન બદલ મંથન ગજેરાને લીગનો મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર જાહેર થયા હતા. બોકસ લીગનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ તેમજ બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા અને ડૉ. નિલેશભાઈ પટેલ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.



### ખેલૈયા સ્પર્ધા (ગરબા ઉત્સવ)નું આયોજન





જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર

એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃતિના ભાગરૂપે તા. ૦૫/૧૦/૨૦૨૪ના રોજ Musical Garba Morning & Khelaiya Competitionનું આયોજન બી.બી.એ અને બી.સી.એનાં વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું. જેમાં બી.બી.એ. અને બી.સી.એ.નાં ૭૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. "Maa Ambe Meg Malhar" ગરબા કલાસિસન ગરબા અને દોઢિયા આર્ટિસ્ટ મિ. નિખિલ પટેલ, મિ. જતિન મૈસૂરિયા અને મિસ. એકતા કોસદા જેઓ સ્પર્ધાના નિર્ણાયક તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. નિર્ણાયકશ્રી દ્વારા ૫ (BBA) અને ૫ (BCA) જેટલા વિદ્યાર્થીઓએ સ્પર્ધાના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી. જેમાં BBAમાં બેસ્ટ પરફોર્મન્સમાં પ્રથમ ક્રમે મકવાણા ઉર્વિશા, દ્વિતીય ક્રમે અભિષેક રથાની, તૃતીય ક્રમે અસ્લાલિયા ક્રિષ્ના, બેસ્ટ ડ્રેસ Male: ચોટાલીયા જતીન, બેસ્ટ ડ્રેસ Female: ખુશી યાદવ તથા આશ્વાસન ઇનામ–વિરાણી સુજલ અને સોજીત્રા ચેતને પ્રાપ્ત કરેલ છે તથા BCAમાં બેસ્ટ પરફોર્મન્સમાં પ્રથમ ક્રમે અદિતિ કંથારિયા, દ્વિતીય ક્રમે આસ્તિક હીરપરા અને તૃતીય ક્રમે વાઘેલા અનવી અને બેસ્ટ્ર ડ્રેસ Female: મનસ્વી કંથારિયા અને સુરતી પ્રિયાંશી તથા આશ્વાસન ઇનામ વાઘેલા દૃષ્ટિએ પ્રાપ્ત કરેલ છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર ગોયાણીના માર્ગદર્શક હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. રાગિણી પ્રસાદ, ટિવન્કલ પંચાલ, દમયંતી પટેલ, નેન્સી મોદી, વૈષ્ણવી ગોરખીયા અને પ્રિયંકા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ખેલૈયા સ્પર્ધાનું (ગરબા ઉત્સવ) આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃતિના ભાગરૂપે તા. ૦૮/૧૦/૨૦૨૪ના રોજ ખેલૈયા સ્પર્ધાનું (ગરબા ઉત્સવ) આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટ, માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને સંતોશ વુમન્સ કેર હોસ્પિટલ અને યઆ સેન્ટરના ડૉ. સતીષભાઈ પટેલ હાજર રહ્યા હતા. ગરબા ઉત્સવની શરૂઆતમાં મહેમાનો દ્વારા માતાજીની આરતી કરવામાં આવી હતી. કૉલેજના ૧૫૦૫ જેટલા વિદ્યાર્થીઓ અને કૉલેજના સ્ટાફનાં સભ્યો ગરબાનાં તાલે ઝૂમ્યા હતા. ખેલૈયા સ્પર્ધા અંતર્ગત કુલ ૧૦૩ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે રિકલ વેકરિયા 'સપ્તધ્વની' ગરબા કલાસિસના કોરિયોગ્રાફર હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. નિર્ણાયકશ્રી દ્વારા કુલ ૧૩ વિદ્યાર્થીઓને સ્પર્ધાના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી. જેમાં બેસ્ટ એકશન મેલમાં પ્રથમ ક્રમે પટેલ વિવેક, દ્વિતીય ક્રમે સોલંકી હર્ષિત, તૃતીય ક્રમે વાઘસમી કૌશિક અને બેસ્ટ એકશન ફિમેલમાં પ્રથમ ક્રમે પટેલ સુચી, દ્વિતીય ક્રમે કાકલોતર અંકિતા, તૃતીય ક્રમે પરમાર રિદ્ધિ તેમજ બેસ્ટ ડ્રેસ મેલમાં પ્રથમ ક્રમે પટેલ વિવેક, દ્વિતીય ક્રમે ગોબાણી આદિત્ય, તૃતીય ક્રમે વોરા કિશન. બેસ્ટ ડ્રેસ ફિમેલમાં પ્રથમ ક્રમે વરસાણી જાનવી, દ્વિતીય ક્રમે સંગાણી બંસી, તૃતીય ક્રમે રામાણી ખુશી અને આશ્વાસન ઇનામ કાકલોતર શ્રદ્ધાએ પ્રાપ્ત કરેલ છે. કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શક હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો પ્રા. જ્યોતિકા ટેલર, ડૉ. હેમાદ્રી ટીકાવાલા, પ્રા. સુનિતા યાદવ, પ્રા. ફેરલ ગાંડીયાવાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઇન્ટર કૉલેજ યોગાશન(બહેનો) ટુર્નામેન્ટમાં કૉલેજની વિદ્યાર્થીનીઓએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો





જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૩/૧૦/૨૦૨૪ દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ઇન્ટર કૉલેજ યોગાશન (બહેનો) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૭ કૉલેજોમાંથી ૪૯ વિદ્યાર્થીઓએ (ગર્લ્સ) યોગાશનની સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધાનાં

મુખ્ય મહેમાન તરીકે દર્શનાબેન જાની (મેમ્બર ઓફ ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, મિનિસ્ટરી ઓફ કન્ઝયુમર અફેરસ, ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન, ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા), ડૉ. પ્રકાશચંદ્ર પટેલ (ઓ.એસ.ડી.ડીપાર્ટમેન્ટ ઓફ સ્પોર્ટ એન્ડ યૂથ વેલ્ફેર, વી.એન.એસ.જી.યુ) ડૉ. સેજલબેન દેસાઈ (ઇન્ચાર્જ પ્રિન્સિપાલ, જે.ઝેડ.શાહ.આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી) આમંત્રિત મહેમાન અને કૉલેજના આચાર્ય દ્વારા શાબ્દિક પ્રવચન કરી વિદ્યાર્થીનીઓનો હોસલો વધાર્યો હતો. ઇન્ટર કૉલેજ યોગાશન સ્પર્ધામાં કૉલેજની વિદ્યાર્થીનીઓ ખત્રી દિયા મહેશકુમાર (S.Y.B.Com), જોષી કૃતિ કુણાલભાઈ (F.Y.B.C.A), સોજીત્રા નિધિ જીતેશભાઈ (S.Y.B.Com DS), ડોબરિયા નિધિ ભરતભાઈ (F.Y.B.B.A), વેકરીયા મીરાલી કિશોરભાઈ (F.Y.B.B.A), અને રાવલ હેતાસ્વી સંજયભાઈ (S.Y.B.Com DS),બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટ ટીચર/કોચ ડૉ. પ્રદીપકુમાર લેન્કા તેમજ સ્પર્ધાનું એન્કરીગ પ્રા. રાકેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## રકતદાન શિબિરનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા.૧૭/૧૦/૨૦૨૪નાં રોજ જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલીનાં માજી પ્રમુખ અને ટ્રસ્ટનાં સંસ્થાપક સ્વ. કાંતિલાલ જે. શાહની જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલી કાર્યક્રમ અને રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આમંત્રિત મહેમાન તરીકે ડૉ. વિનોદ પટેલ (આચાર્ય નવયુગ કોમર્સ કૉલેજ), શ્રી મેહુલભાઈ માવલિયા (વિદ્યા એજ્યુકેશન ટ્રસ્ટ), જીવન જ્યોત ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભરતભાઈ શાહ અને ઉપપ્રમુખશ્રી ભાનુકુમાર શાહ, માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી અનુજભાઈ શાહ તેમજ ટ્રસ્ટીશ્રી ગૌરાંગ દેસાઈ તેમજ ડૉ. મહેન્દ્ર સોલંકી તથા સ્વ. કાંતિલાલ શાહના પુત્ર શ્રી સ્નેહલભાઈ શાહ તેમજ પુત્રવધુ રીતાબેન શાહની અમૂલ્ય હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત મહેમાનો તેમજ કૉલેજ અને શાળાના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા વિદ્યાર્થીઓ દ્વારા ટ્રસ્ટના સંસ્થાપક સ્વ. કાંતિલાલ જે. શાહની જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. રકતદાન શિબિરના અંતે કુલ ૧૯ જેટલી બોટલનું રકતદાન મળ્યું હતું. આ તમામ રકતદાતાને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી અને બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા અને ડૉ. નીલેશ પટેલ, બી.સી.એ.વિન્ટર કૉ–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીશવાળા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રદીપકુમાર લેન્કા, એન.એસ.એસ.ના સ્વયંસેવકો તથા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના સહકારથી સફળતા પૂર્વક યોજી શકાયો હતો.

## રન ફોર ગર્લ્સ ચાઇલ્ડ મેરેથોનનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૫–૧૦–૨૦૨૪નાં રોજ Run for Girl Child Marathonનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આમંત્રિત મહેમાન તરીકે પ્રો. ડૉ. અનુપમ શુકલાજી (Director, Sardar Vallabhbhai National Institute of Technology), શ્રી શંકરલાલજી શોમાની (ઉદ્યોગપતિ), શ્રી રણછોડભાઈ ધોળિયા (પ્રમુખ, ડૉ. હેડગેવર સ્મૃતિ સેવા સમિતિ, સુરત), શ્રી ધર્મેન્દ્ર ગર્ગ (નિવૃત્ત મયન), શ્રી શ્યામજીભાઈ રાઢી (સામાજીક અગ્રણી), શ્રી રોહિત વિજય વરગીય, શ્રી વિવેક દધિચ (મેરેથોન, કન્વીનર), જીવન જ્યોત ટ્રસ્ટનાં માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ રન ફોર ગર્લ્સ ચાઈલ્ડ મેરેથોનની શરૂઆતમાં અચૂક હાજર રહ્યા હતા. રન ફોર ગર્લ્સ ચાઈલ્ડ મેરેથોનમાં ૫૯૫ વિદ્યાર્થીઓ તેમજ કૉલેજના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ સભ્યોએ ભાગ લીધો હતો. તેમજ આ તમામ રન ફોર ગર્લ્સ ચાઇલ્ડ મેરેથોનનું ટી શર્ટ આપવામાં આવી હતી. જ્યારે રન ફોર ગર્લ્સ ચાઈલ્ડ મેરેથોન અંતમાં આમંત્રિત મહેમાનો તેમજ જીવન જ્યોત ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુકુમાર શાહ રન ફોર ગર્લ્સ ચાઇલ્ડ મેરેથોનમાં ભાગ લઈ તમામ વિદ્યાર્થીઓને આવકાર્ય હતા. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી માર્ગદર્શન હેઠળ ડૉ. નીલેશ પટેલ સ્પોર્ટ ટીચર ડૉ. પ્રદીપકુમાર લેન્કા દ્વારા કરવામાં આવ્યું હતું.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### 'એક પેડ માઁ કે નામ'

ચીખલી તાલુકાના દેગામ ખાતે માતૃત્વવન મુકામે તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ 'એક પેડ માઁ કે નામ' વિચારધારા અંતર્ગત ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રીમુકેશભાઈ પટેલ ગુજરાતના વન અને પર્યાવરણ તેમજ કલાઈમેટ ચેન્જ વિભાગના રાજ્યમંત્રીની ઉપસ્થિતિમાં લગભગ ૨,૦૦૦ થી વધુ વૃક્ષોની રોપણી કરવાના આશયથી બીલીમોરાની એ.વી.પટેલ કોમર્સ કૉલેજના એનએસએસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર અને વિદ્યાર્થીઓની ટીમ જોડાઈ હતી અને પર્યાવરણ લક્ષી આ સામાજિક પ્રવૃત્તિમાં ૭૦ થી વધુ વિદ્યાર્થીઓ સહભાગી થઈ શકયા હતાં.






### 'સ્વચ્છતા હી સેવા'

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ અંતર્ગત તારીખ ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ કૉલેજ કેમ્પસમાં સ્વચ્છતાનો કાર્યક્રમ કરવામાં આવ્યો. કૉલેજના તમામ NSSના સ્વયંસેવકોએ હળીમળીને કૉલેજ કેમ્પસમાં સાફ–સફાઈની ઝુંબેશ હાથ ધરી હતી. ખાસ કરીને કૉલેજના વર્ગખંડો, કૉલેજની લાયબ્રેરી અને પ્રવેશદ્વારની વિભાગ, સ્પોર્ટ્સરૂમ તેમજ કૉલેજની આજુબાજુ પડી રહેલા પ્લાસ્ટિકના કચરાને ભેગો કરી કેમ્પસની પ્લાસ્ટિક મુકત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. ભાવેશ પચ્ચીગર અને પ્રા. પુજા વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષા બી. રાણાના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયો હતો.



### 'સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા'

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજના આચાર્ય પ્રા. વર્ષા બી.રાણાના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. ભાવેશ પચ્ચીગર અને પ્રા. પૂજાબેન વાઘેલાના નેતૃત્વ હેઠળ 'સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા'ની ભાવનાનું ઉદ્દીપન કરવા તેમજ સમાજમાં સ્વચ્છતા એક સેવાનો સંદેશો પહોંચાડવાના ભાગરૂપે તા. ૧ ઓકટોબર, ૨૦૨૪ના રોજ બીલીમોરા બંદર મુકામે કૉલેજના NSSના લગભગ ૯૨ સ્વયંસેવકોની ટીમ દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયો હતો. સ્વયં સેવકો દ્વારા સ્થાનિક રહેવાસીઓ માટે બંદર એક સ્વચ્છ સહેલગાહનું સ્થળ બની રહે તેવા પ્રકારની સ્વચ્છતા કામગીરી કરાઈ હતી. કાર્યક્રમમાં જોડાયેલ વિદ્યાર્થીઓમાં સફાઈની સાથે સંકલન અને કૌટુંબિક ભાવના જન્મે એમ અલ્પાહારની વ્યવસ્થા થઈ હતી. કાર્યક્રમાં જોડાયેલા વિદ્યાર્થીઓએ સેવા એ જ સ્વભાવ બને એવી અનુભૂતિ મેળવવાનો આનંદ અનુભવ્યો હતો.



### 'સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા' રેલી

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજના NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. ભાવેશ પચ્ચીગર અને પ્રા. પૂજાબેન વાઘેલાના નેતૃત્વ હેઠળ 'સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા'ની ભાવનાનું ઉદ્દીપન કરવાના ભાગરૂપે તેમજ સમાજમાં સ્વચ્છતા એ જ સેવાનો સંદેશો પહોંચાડવાના ભાગરૂપે તા. ૨ ઓકટોબર, ૨૦૨૪ના રોજ બીલીમોરાના નાગરિકોમાં સ્વચ્છતા એ જ સેવાની ભાવના વિકસાવવા બંદરની આજુબાજુના વિસ્તારમાં

કૉલેજના NSS સ્વયંસેવકો દ્વારા લોકોનું ધ્યાન સ્વચ્છતા તરફ આકર્ષાય તેવા સૂત્રોચ્ચાર સાથે રેલી યોજાય હતી. રેલી દરમિયાન પણ સ્વચ્છતાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રેલીના અંતે કૉલેજના સેમિનાર હોલમાં સ્વચ્છતાના પ્રણેતા મહાત્મા ગાંધીની જન્મ જયંતી નિમિત્તે તેમને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. તેમજ કૉલેજના ઇ.ચા.આચાર્ય શ્રી વર્ષાબેન રાણા દ્વારા વિદ્યાર્થીઓને સંબોધિત કરાયા હતા. અંતે હાજર તમામ સ્ટાફ સભ્યો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રપિતાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી.




## 'નિબંધ સ્પર્ધા'




એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરાના આચાર્યશ્રી વર્ષા બી.રાણાના નેતૃત્વ હેઠળ NSS યુનિટના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ભાવેશ પચ્ચીગર દ્વારા 'વિકાસ સપ્તાહ' ઉજવણીના ભાગરૂપે ૧૪ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ 'વક્તૃત્વ સ્પર્ધા' અને 'નિબંધ સ્પર્ધા'નું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ ઇવેન્ટમાં કૉલેજના વિદ્યાર્થીઓ તેમજ રાષ્ટ્રીય સ્વયં સેવક યુનીટના સેવકોની સક્રિય ભાગીદારી જોવા મળી હતી. ભાગ લેનાર દરેક સ્પર્ધકે તેમને અપાયેલા વિષયમાંથી મનપસંદ વિષય ઉપર ખૂબ જ ઉત્સાહ સાથે પોતાના વિચારો વહેવડાવ્યા હતા.

## બીલીમોરા કોમર્સ કૉલેજનું ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત આંતર કૉલેજ હોકી ભાઈઓની સ્પર્ધા સુરત વિશ્વવિદ્યાલય મુકામે યોજાઈ હતી. જેમાં કુલ ૬ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં કૉલેજની હોકી ભાઈઓની ટીમ સૌ પ્રથમ વખત સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમનું પ્રદર્શન એકંદરે સારું રહ્યું હતું. સ્પર્ધા બાદ વિશ્વવિદ્યાલય ટીમનું સિલેકશન થયું હતું જેમાં કૉલેજના ૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં (એસ.વાય.બી.કોમ)માં અભ્યાસ કરતા વિદ્યાર્થી કૉલેજના હોકી ટીમના કેપ્ટન કુકણા ઉદયનું (ગોલકીપર)માં અને વિશ્વકર્મા રીતેશ (એસ.વાય.બી.કોમ)નું વિશ્વવિદ્યાલય ટીમમાં સિલેકશન થયું છે. આ ખેલાડીઓ જયપુર રાજસ્થાન મુકામે વિશ્વવિદ્યાલય હોકી ટીમનું પ્રતિનિધિત્વ કરશે તથા પટેલ ધ્રુમિલ અને પટેલ ક્રિશનું (એફ.વાય.બી.કોમ)નું સ્ટેન્ડ બાયમાં સિલેકશન થયું છે. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન રાણા વિશ્વવિદ્યાલય ટીમમાં પસંદગી પામનાર તેમજ ટીમના દરેક ખેલાડીને તથા શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. સોનલબેન વસાવાને અભિનંદન પાઠવ્યા હતા તેમજ આવનારા સમયમાં ખૂબ સારો પ્રદર્શન કરીને આગળ વધે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.



## બીલીમોરા કોમર્સ કૉલેજનું ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત હોકી બહેનોની આંતર વિશ્વવિદ્યાલય ટીમની પસંદગી પ્રક્રિયાનું આયોજન ધરમપુર મુકામે યોજાયું હતું જેમાં કૉલેજમાં ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની વિશ્વકર્મા ભૂમિનું વિશ્વવિદ્યાલય હોકી ટીમમાં ફોરવર્ડ (રાઈટ ઇન) માં સિલેકશન થયું છે આ ખેલાડીઓ જયપુર રાજસ્થાન મુકામે વિશ્વવિદ્યાલય હોકી ટીમનું પ્રતિનિધિત્વ કરશે. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય પ્રા. વર્ષાબેન રાણા ખેલાડીઓને તેમન શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. સોનલબેન વસાવાને અભિનંદન પાઠવ્યા હતા અને આવનારા સમયમાં ખૂબ સારો પ્રદર્શન કરીને આગળ વધે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.



## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૪'

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના આદેશાનુસાર 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૪' અભિયાન અંતર્ગત આજ રોજ નવયુગ કોમર્સ કૉલેજના NSS યુનિટ દ્વારા ગાંધી જયંતીની ઉજવણીના ભાગરૂપે કૉલેજ કેમ્પસની સાફ-સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. સાફ-સફાઈ બાદ વિદ્યાર્થીઓ દ્વારા 'સ્વચ્છતા રેલી' કાઢવામાં આવી હતી. જે દરમ્યાન સ્વચ્છતા અંગેના જુદા જુદા સૂત્રોચ્ચાર કરી સ્વચ્છતા અંગે સમાજમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રિન્સિપાલ ડૉ. વિનોદભાઈ પટેલ તથા કૉલેજના તમામ શૈક્ષણિક સ્ટાફ મિત્રોએ પણ રેલીમાં જોડાઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કાર્ય હતા. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા તેમજ ડૉ. રૂપેશ દવે દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.







### કુસ્તી સ્પર્ધામાં સિધ્ધી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર કૉલેજ કુસ્તી સ્પર્ધા બહેનોની તા. ૩૦/૯/૨૦૨૪ના રોજ ધી. માંડવી એજ્યુકેશન સોસાયટી બી.બી.એ, બી.સી.એ. અને સાયન્સ, કૉલેજમાં યોજાય હતી, આ સ્પર્ધામાં નવયુગ કૉમર્સ કૉલેજના ખેલાડી કું. કૃપા રાજેશભાઈ રાવલ અંડર ૫૦ કિગ્રા ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો, તેમજ ઉત્કૃષ્ટ દેખાવ કરી, ઓલ ઇન્ડિયા આંતર વિશ્વવિદ્યાલય રમવા માટે ગુરુકાસી વિશ્વવિદ્યાલય, પંજાબ મુકામે રમવા જશે. આ ખેલાડી શાળા કક્ષાએ નેશનલમાં પણ રમી ચુકી છે આ ખેલાડીને નવયુગ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વી. એન. પટેલ, જીમખાના ચેરમેનશ્રી ડૉ. બ્રીજેશભાઈ પટેલ તેમજ રમતગમતના અધ્યક્ષ અસારિયા છગનભાઈ તેમજ સમગ્ર કૉલેજ પરિવાર આ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં.



### નિબંધ સ્પર્ધા

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજના NSS યુનિટ દ્વારા તા. ૦૯/૧૦/૨૦૨૪ના રોજ 'વિકાસ સપ્તાહ (તા. ૦૭ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૪)'ની ઉજવણીના ભાગરૂપે 'નિબંધ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રૂપેશ દવે તેમજ ડૉ. ઝાડેશ્વરીયા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ઇનામ આપવામાં આવ્યાં હતાં.
નિબંધ સ્પર્ધાના વિષયો : ગુજરાત રાજ્યના સંદર્ભમાં:
૧. કૃષિક્ષેત્રે વિકાસ, ૨. ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ, ૩. સેવા ક્ષેત્રે વિકાસ (શિક્ષણ અને આરોગ્ય), ૪. ટેકનોલોજી ક્ષેત્રે વિકાસ, ૫. સ્ટાર્ટ અપ ઇન્ડિયા




### વિકાસ રેલીનું આયોજન

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજના NSS યુનિટ દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે તા. ૧૧/૧૦/૨૦૨૪ના રોજ વિકાસ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા 'ભારત વિકાસ' અંગેના જુદા જુદા સૂત્રોચ્ચાર કરી વિકાસ અંગે સમાજમાં માહિતી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. રેલી તાપી કિનારે આવેલ સુરતના કિલ્લાથી અડાજણ પાટીયા સુધીની હતી.



## ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગના આદેશાનુસાર 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૪' અભિયાન અંતર્ગત નવયુગ કોમર્સ કૉલેજના NSS યુનિટ દ્વારા 'સ્વચ્છતા હી સેવા' વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રિન્સિપાલ ડૉ. વિનોદભાઈ પટેલે વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગે જાગૃત કર્યા હતા. પ્રિન્સિપાલશ્રીનાં હસ્તે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યા હતાં. કાર્યક્રમને અંતે સ્વચ્છતા અંગેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા અને આભારવિધિ ડૉ. રૂપેશભાઈ દવે દ્વારા કરવામાં આવી હતી.



## વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત 'કિલ્લાની મુલાકાત'



નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજના NSS યુનિટ દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે તા. ૧૫/૧૦/૨૦૨૪ના રોજ સુરતમાં આવેલ ચોક પાસેના કિલ્લાની મુલાકાત લીધી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા તેમજ ડૉ. રૂપેશ દવે દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

## કરાટે સ્પર્ધામાં સિધ્ધી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર કૉલેજ કરાટે (ભાઈઓ)ની સ્પર્ધા તા. ૧૧/૧૦/૨૦૨૪ના રોજ શ્રી પી.એચ.ઉમરાવ કૉલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ કીમમાં યોજાય હતી. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓ (૧) શ્રી નીલ એન. પ્રજાપતિ ૭૫ કિ.ગ્રા. ગ્રુપમાં તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. (૨) શ્રી નુપુર સુરતી ૬૦ કિ.ગ્રા. ગ્રુપમાં તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો તેમજ (૩) શ્રી રુદ્ર જરીવાલા ૫૫ કિ.ગ્રા. ગ્રુપમાં ભાગ લીધો હતો. (૪) શ્રી દેવર્શી ત્રીપાઠીએ ૮૪ અબાવ કિ.ગ્રા. ગ્રુપમાં ભાગ લીધો હતો. આ ખેલાડીઓને આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ, જીમખાના ચેરમેનશ્રી ડૉ. બ્રીજેશભાઈ પટેલ તેમજ રમતગમતના અધ્યક્ષ અસારિયા છગનભાઈ તેમજ કૉલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.



## કરાટે સ્પર્ધામાં સિધ્ધી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર કૉલેજ કરાટે (બહેનો)ની સ્પર્ધા તા. ૧૦/૧૦/૨૦૨૪ના રોજ શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અંકલેશ્વરમાં યોજાય હતી. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડી કું પ્રાચિ જયેન્દ્રભાઈ પટેલ (ટી.વાય. બી.કોમ)ની વિદ્યાર્થીની કરાટે સ્પર્ધામાં તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો, આ ખેલાડીઓને નવયુગ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ જીમખાના ચેરમેનશ્રી ડૉ. બ્રીજેશભાઈ પટેલ તેમજ રમતગમતના અધ્યક્ષ અસારિયા છગનભાઈ તેમજ સમગ્ર કૉલેજ પરિવારે આ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.



## રાષ્ટ્રીય એકતા દિવસ પ્રતિજ્ઞા

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજ દ્વારા તા. ૧૬/૧૦/૨૦૨૪ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીની 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવણીના ભાગ રૂપે કૉલેજના સેન્ટ્રલ હોલમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ પ્રતિજ્ઞા' લેવડાવવામાં આવી જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા અને ડૉ. રૂપેશ દવે દ્વારા આ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.



## નવયુગ સાયન્સ કૉલેજ, સુરત.

## સ્વચ્છતાં અભિયાનનું આયોજન

તા. ૨/૧૦/૨૦૨૪નાં ગાંધી જયંતીના દિવસે સ્વચ્છતા અને સેવા કાર્યક્રમ અંતર્ગત નવયુગ સાયન્સ કૉલેજના પ્રોગ્રામ ઓફિસર મનિષ ગોંડલિયા દ્વારા સ્વચ્છતા કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં કુલ પાંચ કલાક દરમ્યાન ૮ કિલોગ્રામ જેટલું પ્લાસ્ટિક એકઠું કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીને પરીક્ષા હોવાથી મનિષ ગોંડલિયા દ્વારા એકલા હાથે સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું. સ્વચ્છતા કરવાની ખૂબ જ મજા આવી. ખરા દિલથી સ્વચ્છતા કાર્યક્રમ કરી ગાંધી બાપુની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી.



## વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે 'વિકાસ પ્રતિજ્ઞા'

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજ દ્વારા તા. ૯/૧૦/૨૦૨૪ના રોજ 'વિકાસ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે કૉલેજના સેન્ટ્રલ હોલમાં દેશના વિકાસ અર્થે 'વિકાસ પ્રતિજ્ઞા' લેવડાવવામાં આવી જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રૂપેશ દવે દ્વારા આ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ત્યારબાદ NSSના પ્રોગ્રમ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા દ્વારા દેશના વિકાસ માટે તેમજ નવ રાષ્ટ્રના નિર્માણમાં યુવાનોની ભૂમિકાઓ વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું.



## સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, દહેજ.

## હરિ મહારાજ–લખીગામ દરિયા કિનારાની સાફ સફાઈ



તા. ૦૨/૧૦/૨૦૨૪ના રોજ સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, દહેજ ખાતે NSS વિભાગ અને નહેરુ યુવા કેન્દ્ર, ભરૂચના સંયુક્ત ઉપક્રમે ભારત દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ૧૫૫મી જન્મ જયંતિ નિમિત્તે 'સ્વચ્છ ભારત દિવસ'ની ઉજવણી 'સ્વચ્છતા હી સેવા' અને 'સ્વભાવ સ્વચ્છતા–સંસ્કાર સ્વચ્છતા' થીમ આધારિત હરિ મહારાજ –લખીગામ દરિયા કિનારાની સાફસફાઈનું આયોજન કરવામાં આવેલ હતું. જ્યાં તેમને NSS પ્રોગ્રામ ઓફિસર શ્રી બળદેવભાઈ ચાવડા અને નહેરુ યુવા કેન્દ્ર, ભરૂચના પ્રતિનિધિ શ્રી દિવ્યજીતસિંહ ઝાલા દ્વારા સ્વચ્છ ભારત અભિયાન, સ્વચ્છ ભારત દિવસ, સફાઈ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો વગેરે અંગે સંયુક્ત રીતે સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ દરેક વિદ્યાર્થીને My Bharat Kit, ઝાંડું અને ગાર્બેજ બેગ આપવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ, NSS PO નહેરુ યુવા કેન્દ્રના સ્વયંસેવકો દ્વારા પ્લાસ્ટિક બેગ, બોટલ, કાચ, લાકડા અને વર્તમાન સમયમાં થયેલ શ્રી ગણપતિજીનું વિસર્જન કે જેમાં ગણપતિજીની POP બનેલ મૂર્તિઓ અને તેની સાથે શણગારનો સામાન અને અન્ય કચરો એકત્રિત કરવામાં આવેલ હતો. સફાઈને અંતે અંદાજીત ૨૦ મોટી થેલીઓ ભરીને કચરો અને ૧૭ જેટલી ગણપતિજીની

ખંડિત થયેલ મૂર્તિઓ એકત્રિત કરવામાં આવેલ હતી. કાર્યક્રમના અંતે NSS વિભાગ દ્વારા બધા વિદ્યાર્થીઓ માટે નાસ્તાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન NSS PO શ્રી ડૉ. બળદેવભાઈ ચાવડા અને નહેરુ યુવા કેન્દ્ર, ભરૂચના પ્રતિનિધિ શ્રી દિવ્યજીતસિંહ ઝાલા દ્વારા કૉલેજના આચાર્યશ્રી ડૉ. લીના દવેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## Agarwal Vidya Vihar English Medium College, Vesu, Surat.

### 'રાસ ગરબા' ઉત્સવનું આયોજન

અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગ્લિશ મીડીયમ કોલેજમાં નવરાત્રી નિમિત્તે 'રાસ–ગરબા' મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના વિદ્યાર્થીઓએ પરંપરાગત વસ્ત્રો પહેરીને ઉત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમજ ગરબા સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિર્ણાયક તરીકે શ્રીમતિ પ્રજ્ઞાબેન વશી તેમજ શ્રીમતિ પાયલબેન ભટ્ટ હાજર રહ્યાં હતાં. વિદ્યાર્થીઓનો પ્રોત્સાહિત કરવા અગ્રવાલ કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના અધ્યાપકો ઉપસ્થિત રહ્યાં હતાં.







## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત 'ભારત વિકાસ પ્રતિજ્ઞા' અને 'નિબંધ સ્પર્ધા' યોજાઈ





શિક્ષણ અને સંસ્કારના ધામ સમી એસ.બી.ગાર્ડા કૉલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના અને આઈ.ક્યુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે 'વિકાસ સપ્તાહ' (તા. ૭ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૪) ઉજવણી અંતર્ગત તા. ૯/૧૦/૨૦૨૪ના રોજ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર વિશ્વવિદ્યાલયના માર્ગદર્શન અને પ્રેરણાથી 'ભારત વિકાસ પ્રતિજ્ઞા' અને 'નિબંધ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા કૉલેજના તમામ અધ્યાપકશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં NSSના સ્વયંસેવકોએ 'રાષ્ટ્ર પ્રથમ'ના મંત્રને જીવનમંત્ર બનાવી ભારત દેશના વિકાસ અને કલ્યાણ માટે હું તન, મન અને ધનથી અવિરત પ્રયાસરત રહીશથી પ્રતિજ્ઞા લીધી હતી.

'વિકાસ સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત 'રાષ્ટ્રીય નિર્માણમાં યુવાનોની ભૂમિકા' વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સ્વયંસેવકોને પ્રોત્સાહિત કરવા ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા કૉલેજના તમામ અધ્યાપકશ્રીઓ પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાધાબેન ગૌતમ, શ્રી કિશોરભાઈ પટેલ તથા કુ. કેયુરીબેન રાઠોડે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમજ ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ પણ આ કામગીરીને બિરદાવી હતી.

## 'સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા' કાર્યક્રમ







નવસારીની સુપ્રસિદ્ધ એવી એસ.બી.ગાર્ડા કૉલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના અને આઈ.ક્યુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરના માર્ગદર્શન હેઠળ તા. ૦૧/૧૦/૨૦૨૪ના રોજ ગાંધી જયંતિ અને સ્વચ્છ ભારત મિશન અભિયાન અંતર્ગત 'સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પમાળા અને સુતરની આટી પહેરાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. તેમજ અધ્યાપકો અને સ્વયંસેવકો પાસે સ્વચ્છતા શપથ તથા રાષ્ટ્રીય રકતદાન દિવસ નિમિત્તે પણ શપથ લેવડાવામાં આવી હતી. ત્યારબાદ કૉલેજ કેમ્પસથી ફુવારા સર્કલ, નવસારી સુધી વિવિધ સુત્રોચ્ચાર તથા પ્લેકાર્ડ સાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સાથે રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. તેમજ સ્વયંસેવકોનાં વિવિધ ગૃપ બનાવી કૉલેજ કેમ્પસ, વર્ગખંડો, તેમજ જ્યુબીલી બાગની સાફસફાઈ કરી હતી, સાથે ફુવારા સર્કલ તેમજ જ્યુબીલી બાગની સાફસફાઈ કરવામાં આવી હતી. કાર્યક્રમના સ્વયંસેવકોને પ્રોત્સાહિત કરવા માટે કૉલેજના ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક તથા ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા મોટી સંખ્યામાં કૉલેજના અધ્યાપકો તથા સેવકભાઈઓ પણ હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં કૉલેજના ૮૨ જેટલા સ્વયંસેવકોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. એન.એસ.એસ.નાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાધાબેન ગૌતમ, શ્રીમતિ હેતલબેન નાયક, શ્રી કે.સી.પટેલ તથા કુ. કેયુરી રાઠોડે કાર્યક્રમને સફળ બનાવવા અથાગ પ્રયત્નો કર્યા હતાં. ગાર્ડા કૉલેજ ટ્રસ્ટે પણ આ કાર્યક્રાની નોંધ લઈ શુભેચ્છા પાઠવી હતી.

## કુસ્તી (બહેનો)ની સ્પર્ધામાં કૉલેજનું ગૌરવ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ઉપક્રમે ઇન્ટર વિશ્વવિદ્યાલય કુસ્તી (બહેનો)ની સ્પર્ધાનું આયોજન તા. ૩૦/૦૯/૨૦૨૪નાં રોજ વલ્લભ સરકારી કૉલેજ, માંડી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી કૉલેજના વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાર્ડા કૉલેજની એમ.એ. સેમ.૩ (મનોવિજ્ઞાન) માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પાનસુરિયા જાનકી કિશોરભાઈ (55 Kg) કેટેગરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ગાર્ડા કૉલેજ તથા નવસારીનું ગૌરવ વધાર્યુ. ટીમ મેનેજર તરીકે શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા શ્રી ચિરાંગ ટંડેલે સેવા આપી હતી. ઉપરોકત સિદ્ધિ મેળવવા બદલ ગાર્ડા કૉલેજનાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ડી.એમ.ગુર્જર, ઉપાચાર્યશ્રી એમ.સી.નાયક, ઉપાચાર્યશ્રી તેમજ આઈ.ક્યુ.એ.સી. કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. એચ.જે.પટેલ, જીમખાના ચેરમેન ડૉ. એ.બી.પટેલ તથા સમગ્ર ગાર્ડા કૉલેજ પરિવાર અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

## યોગ (ભાઈઓ)ની સ્પર્ધામાં ગાર્ડા કૉલેજનું ગૌરવ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ઉપક્રમે ઇન્ટર વિશ્વવિદ્યાલય યોગ (ભાઈઓ)ની સ્પર્ધાનું

આયોજન તા. ૦૧/૧૦/૨૦૨૪નાં રોજ શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ ખાતે કરવામાં આવી હતી. જેમાં વિવિધ કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાર્ડા કૉલેજનો બી.કોમ સેમેસ્ટર–૫માં અભ્યાસ કરતો વિદ્યાર્થી અક્ષત આર. પરમારે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી તેમજ વિશ્વવિદ્યાલયની ટીમમાં પસંદગી પામી ગાર્ડા કૉલેજ તથા નવસારીનું ગૌરવ વધાર્યું. ઉપરોક્ત સિદ્ધિ મેળવવા બદલ ગાર્ડા કૉલેજનાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ડી.એમ.ગુર્જર, ઉપાચાર્યશ્રી એમ.સી.નાયક, ઉપાચાર્યશ્રી તેમજ આઈ.કયુ. એ.સી.કૉ–ઓર્ડિનેટર ડૉ. એચ.જે.પટેલ, જીમખાના ચેરમેન ડૉ. એ.બી.પટેલ તથા સમગ્ર ગાર્ડા કૉલેજ પરિવાર અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

## વિકાસ સપ્તાહ અંતર્ગત આઈકોન સ્થળ દાંડીની મુલાકાત

નવસારીની સુપ્રસિદ્ધ એવી એસ.વી.ગાર્ડા કૉલેજના એન.એસ.એસ. અને આઈ.કયુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે 'વિકાસ સપ્તાહ' અંતર્ગત આઈકોન સ્થળ દાંડીની મુલાકાતનું આયોજન તા. ૧૪/૧૦/૨૦૨૪નાં રોજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નવસારીના લોકલાડીલા ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈએ સ્વયંસેવકોને ઐતિહાસિક સ્થળ દાંડી, ગાંધીજી દ્વારા કરવામાં આવેલ મીઠાના સત્યાગ્રહ તથા અન્ય ઐતિહાસિક બાબતોનું મહત્વ સમજાવ્યું હતું. આ આઈકોન દાંડીની મુલાકાતમાં એન.એસ.એસ.નાં ૨૫ જેટલા સ્વયંસેવકોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. એન.એસ.એસ.નાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાધાબેન ગૌતમ, શ્રીમતિ હેતલબેન નાયક, શ્રી.કે.સી.પટેલ તથા કુ. કેયુરીબેન રાઠોડ તેમજ શ્રી ચિરાગભાઈ ટંડેલ આ મુલાકાતને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.





## આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ.

## ઉન્નત ભારત અંતર્ગત અભિમુખતા કાર્યક્રમ



શ્રી પી.કે. દેસાઈ કેળવણી મંડળ સંચાલિત સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ કૉલેજ અને શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટસ કૉલેજ ઓલપાડ ખાતે શનિવારે ઉન્નત ભારત અભિયાન અંતર્ગત એસ.વી.એન.આઈ.ટી સુરત અને કૉલેજના સંયુકત ઉપક્રમે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એસ.વી.એન.આઈ.ટી.ના અધ્યાપકો તેમજ મંડળના માનદ મંત્રી અને સહકારી અગ્રણી શ્રી વસંતભાઈ પટેલ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

શિક્ષિત ભારત – સ્વસ્થ ભારત – સ્વચ્છ ભારત – સ્વાવલંબી ભારત – સંપન્ન ભારતના મંત્રને ઉજાગર કરતું ઉન્નત ભારત અભિયાન જેમાં ઓલપાડ તાલુકામાં આવેલ ઓલપાડ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ આ અભિયાન અંતર્ગત તાલુકાની નોડલ એજન્સી છે. તેના અંતર્ગત ઓલપાડ તાલુકાના પાંચ ગામોને સહયોગી ગામો તરીકે તેના સમગ્રલક્ષી વિકાસ માટે નક્કી કરાયા છે. ત્યારે શનિવારના દિવસે ઓલપાડ સ્થિત આવેલા આર્ટ્સ અને કોમર્સ કૉલેજમાં અસરકારક અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. કૉલેજના કાર્યકારી આચાર્ય ડૉ. રાજેશ પટેલે મહેમાનોનું આવકાર સંબોધન કર્યું હતું. તેમણે શિક્ષણ ઉપરાંત ઇનોવેશન ઉપર વિદ્યાર્થીઓને ભાર આપવા જણાવ્યું હતું. આ પ્રસંગે એસ.વી.એન.આઈ.ટી માંથી પધારેલા અને ઉન્નત ભારત અભિયાનના કૉ–ઓર્ડિનેટર ડૉ. કૃપેશ ચૌહાણે વિદ્યાર્થીઓને ઉન્નત ભારત અભિયાન અને તેના કાર્ય વિશે પરિચય આપ્યો હતો અને જણાવ્યું હતું કે ડિજિટલ ઇન્ડિયા દ્વારા વિદ્યાર્થીઓએ ખેડૂતોને માર્ગદર્શન આપીને તેમનો સામાન સીધો લોકો સુધી પહોંચે અને માર્કેટ મળી રહે અને ખેડૂતોને વધારે નફો મળે એ માટે જાગૃત બનવાની જરૂર છે. આ ઉપરાંત વોકલ ફોર લોકલ ઉપર પણ તેમણે ભાર મૂક્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ડૉ. વિક્રમ રાઠોડ (AVNIT, Surat) દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જેવી રીતે મહેસાણા જિલ્લાનું મોઢેરા ગામ ગુજરાતનું પ્રથમ સોલાર ગામ બન્યું છે તેવી જ રીતે આપણે પણ આપણા પ્રાંત પ્રકલ્પો જેવા કે પૃથ્વી તત્વ, જળ તત્વ, અગ્નિ તત્વ વગેરેનો ઉપયોગ કરીને આ ક્ષેત્રે આગળ વધવાની જરૂર છે. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત ઓલપાડ તાલુકાના સરસ ગામ ખાતે પ્રાકૃતિક ખેતી કરનાર પ્રગતિશીલ ખેડૂત રાજદીપભાઈ પટેલે વિદ્યાર્થીઓને

ખમીરવંતુ ભાષણ આપી ખેતી અંગે જાગૃત કર્યા હતા. અને હાલમાં યુરિયા ખાતર દ્વારા ખેત ઉત્પાદનો અને શાકભાજી ઉપર જે આડઅસર થઈ રહી છે તેનો સ્વીકાર ન કરવા અને પોતાના જ ઘરે ટેરેસ ગાર્ડનિંગ અને ટેરેસ ખેતી કરીને ઘરની શાકભાજીનો ખર્ચ બચાવવા ઉપર પ્રેરણાત્મક સંબોધન કર્યુ હતું. રાજદીપભાઈએ પ્રકૃતિ પ્રત્યે પ્રેમ જગાડવા માટે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બની પોતાના પરિવારને મદદરૂપ બનવા ઉપર હાકલ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત અન્ય એક પ્રગતિશીલ ખેડૂત ઓલપાડ તાલુકાના આંધી ગામેથી આવેલ કિરીટભાઈ પટેલે પણ વિદ્યાર્થીઓને પ્રાકૃતિક ખેતીના ફાયદા જણાવ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ ઓલપાડ કૉલેજના ઉન્નત ભારત અભિયાનના કૉ–ઓર્ડિનેટર અને ઇતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. એન.કે.રાઠોડે કરી હતી. સમગ્ર કાર્યક્રમ ઇતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. કે.એન. રાઠોડ ની રાહબરીમાં સુંદર રીતે યોજાયો હતો.કાર્યક્રમમાં કૉલેજના ઉપાચાર્ય પ્રોફેસર આર.બી.ઢીમ્મર હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રોફેસર દક્ષાબેન કોન્ટ્રાકટર તેમજ કૉલેજ પરિવારના સૌ સભ્યો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સુરતની એસ.વી.એન.આઈ.ટી.માંથી પણ અનેક વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન ઇતિહાસ વિભાગના અધ્યાપક ડૉ. પ્રવીણ ચૌધરીએ કર્યું હતું. અને સૌ રાષ્ટ્રગીત ગાઈને છૂટા પડયા હતા.

## ઉન્નત ભારત અભિયાન અંતર્ગત સરસ ગામ સભા કાર્યક્રમ



તારીખ ૨ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ઓલપાડ વતી સરસ ગામ મુકામે ઉન્નત ભારતનો પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. સરસ ગ્રામ પંચાયતમાં સવારે ૧૦:૦૦ કલાકે આર્ટ્સ એન્ડ કોમસ કૉલેજ ઓલપાડના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકશ્રી ડૉ. એન.કે. રાઠોડ અને ડૉ. પી.વી.ચૌધરી તેમજ ગામના સરપંચ શ્રી હિતેશભાઈ પટેલ અને તલાટી શ્રીમતી દિવ્યાબેન રાવળ તેમજ ગામના નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ત્યારબાદ સૌના સહકારથી ૧૦:૩૦ કલાકે પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો. સૌ પ્રથમ ઉન્નત ભારત વિશે અધ્યાપક શ્રી ડૉ. એન.કે.રાઠોડ પણ સુંદર માહિતી આપી હતી.

ત્યારબાદ તલાટી દિવ્યાબેન અને સરપંચશ્રી હિતેશભાઈ સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તલાટી શ્રીમતી દિવ્યાબેન રાવળે સૌ પ્રથમ સ્ત્રી સશક્તિકરણ વિશે માહિતી આપી હતી. ત્યારબાદ તેમને તલાટી તરીકે તેમણે તેમની કામગીરી વિશે માહિતી આપી હતી. તેમને ગ્રામ સભાના મુખ્ય સાત મુદ્દા વિશે જણાવ્યું જેવા કે શિક્ષણ, આરોગ્ય, પંચાયત, કૃષિ, જળ જેવા અગત્યના મુદ્દા વિશે જણાવ્યું હતું. આ ઉપરાંત ગામની મૂળભૂત જરૂરિયાતો માટે સરકાર જે નીતિ અપનાવે છે તે વિશે પણ માહિતી આપી હતી. આ ઉપરાંત ગામની આવક જેવી કે ઘરવેરા, પાણીવેરા, સફાઈવેરા તેમજ વીજળી વેરા વિશે જણાવ્યું હતું. ત્યારબાદ ગામના સરપંચ શ્રી હિતેશભાઈ પટેલ ગામના વિકાસ વિશે સુંદર માહિતી આપી હતી. તેમજ ત્યાં અમને મહાદેવભાઈ દેસાઈ અને ઉષાબેન વિશે પણ માહિતી પ્રાપ્ત થઈ . ત્યારબાદ કૉલેજની વિદ્યાર્થીની માનસીએ સૌની આભારવિધિ કરી હતી અને ત્યારબાદ રાષ્ટ્રગીત ગાઈને સૌ છૂટા પડયાં.

આમ ઉન્નત ભારતનો પ્રોગ્રામથી ગ્રામ વિશે વિવિધ પ્રકારની માહિતી પ્રાપ્ત થઈ. અંતે ૧૧:૩૦ કલાકે સૌ છૂટા પડયા હતા.

## નવરાત્રી મહોત્સવનું આયોજન



ઓલપાડ ખાતે આવેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ખાતે આજ રોજ રંગારંગ પાવન નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર કૉલેજ પરિવાર ગરબાના તાલે ઝૂમ્યા હતું ભાતીગળ રંગબેરંગી વાતાવરણ સર્જાયું હતું કાર્યક્રમના આયોજન સાંસ્કૃતિક સમિતિ તેમજ ઉન્નત ભારત અભિયાન દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજના કાર્યકારી આચાર્ય ડૉ. એન.કે.રાઠોડ સહિત કૉલેજ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આજના આ કાર્યક્રમમાં ત્રણ ઇનામ અને બે પ્રોત્સાહન ઇનામો આપવામાં આવ્યા હતા. કૉલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધ હતો. રોકશન ગ્રુપ દ્વારા મ્યુઝિક પાર્ટી પૂરી પાડવામાં આવી હતી. સૌ પ્રથમ માતાજીની આરતી કરીને કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કૉલેજના વિદ્યાર્થીઓ ભાતીગળ પોશાકમાં ઝૂમી ઊઠયા હતા. સમગ્ર વાતાવરણ આનંદમય બની ગયું હતું. ઉમંગના વાતાવરણમાં આ પાવન પ્રસંગને ખૂબ સુંદર રીતે આયોજિત કરવામાં આવ્યો હતો પ્રથમ ઈનામ સંગાણા સેજલ એમ., દ્વિતીય ઇનામ પટેલ કેલ્વિના તેમજ તૃતીય ક્રમે પટેલ ઉર્વી મનીષભાઈ અને આશ્વાસન ઇનામ તરીકે ત્રિવેદી જય અને પડશાળા વિશાખાને ઈનામ આપી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજ પરિવારના તમામ સદસ્યો ઉપસ્થિત રહી કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## સ્વચ્છતા હી સેવા અંતર્ગત દરિયા કિનારાની સાફ – સફાઈ



આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ઓલપાડ ખાતે તા. ૨ ઓક્ટોબર, ૨૦૨૪ મહાત્મા ગાંધીજીની જયંતીના રોજ સ્વચ્છતા હી સેવા અંતર્ગત ડભારી દરિયા કિનારાની સાફ–સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાફ–સફાઈ અભિયાન દરમિયાન NSSના વિદ્યાર્થીઓ દ્વારા દરિયા કિનારાની સાફ–સફાઈ કરવામાં આવી હતી. NSSના પ્રોગ્રામ ઓફિસર પ્રો. જયેન્દ્ર રાણા, ડૉ. રમેશ માછી અને ડૉ. દિવ્યાની પટેલ તેમજ ડૉ. અમિત પટેલ અને કૉલેજના OS ભરતભાઈ માળીના સહકારથી અભિયાન સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં NSSના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## શિક્ષક દિનની ઉજવણી



આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ઓલપાડ ખાતે ૫ સપ્ટેમ્બર શિક્ષકદિન નિમિત્તે ઉન્નત ભારત અભિયાન અને સાંસ્કૃતિક સમિતાના સંયુકત ઉપક્રમે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યકારી આચાર્ય ડૉ. રાજેશ પટેલના માર્ગદર્શન અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. એન.કે. રાઠોડના પ્રયાસોથી કૉલેજમાં શિક્ષક દિન ઉજવવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ અધ્યાપક બનીને જુદા જુદા વિષયો ભણાવ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે સમગ્ર દેશની અંદર વિદ્યાર્થીઓ પોતે શિક્ષક અને અધ્યાપક બનીને પોતાના સહ મિત્રોને ભણાવવાનો અનુભવ કરે છે. આ પ્રસંગે એસ.વાય.બી.એ. ઇતિહાસની વિદ્યાર્થીની નેહા પટેલ આચાર્ય બની હતી. તેમજ નેન્સી પટેલ ઉપાચાર્ય બની હતી. તેમજ અન્ય અનેક વિદ્યાર્થીઓ અધ્યાપક તરીકે પોતે જવાબદારી નિભાવી જુદા જુદા વિષયો જેવા કે ઈતિહાસ, અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત અંગ્રેજી, હિન્દી વગેરે વિષયો ભણાવ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને બાદમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ પોતાના શિક્ષક તરીકે અનુભવ જણાવ્યા હતા. આ પ્રસંગે કા. આચાર્ય ડૉ.રાજેશ પટેલે શિક્ષકનું મહત્વ અને સામાજિક જવાબદારી ઉપર ભાર મૂકયો હતો. તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું કે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના ભારતની ૧૫ ભાષાઓનું જ્ઞાન ધરાવતા હતા. શિક્ષકની વ્યાખ્યા આપતા તેમને જણાવ્યું હતું કે જે ક્ષણે નવું શીખવે તે શિક્ષક છે. માતૃહૃદય આપીને શીખવે તે શિક્ષક છે. કાર્યક્રમમાં ઉપાચાર્ય પ્રોફેસર આર.બી.ઠીમર પ્રોફેસર દક્ષાબેન કોન્ટ્રાકટર, ડૉ. શૂરવીર સિંહ ઠાકોર, ડૉ. રમેશભાઈ માછી, ડૉ. ગીતાબેન ગરાસીયા, ડૉ. રીટાબેન પટેલ, ડૉ. રચનાબેન પટેલ, ડૉ. અમિત પટેલ, તેમજ અન્ય પી.જી. ટીચર ઉપસ્થિત રહ્યાં છે. કાર્યક્રમનું સંચાલન ઇતિહાસ વિભાગના અધ્યાપક ડૉ. પ્રવીણ ચૌધરીએ કર્યું હતું. રાષ્ટ્રગાન ગાઈ સૌ છૂટા પડયા હતા. આ કાર્યક્રમ ઉન્નત ભારત અભિયાન અને શ્રી સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ કૉલેજ એન્ડ શ્રી સાયન સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટસ કૉલેજ ઓલપાડના સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે યોજવામાં આવ્યો હતો.

## શ્રીમતી સી.ડી.જોબલીયા રોફેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી આઈ.એસ.આર.અચ્છારીવાલા રોફેલ કોમર્સ કોલેજ, વાપી.

### વિકાસ સપ્તાહની ઉજવણી







રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં તા. ૧૧/૧૦/૨૦૨૪ના રોજ એન.એસ.એસ. વિભાગ દ્વારા 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી નિમિત્તે 'નિબંધ લેખન સ્પર્ધા'

અને "Start-up Talk Arranged" પર શ્રી કૃષિભાઈ શાહનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું. આ કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. એ.એલ.ટંડેલ, પ્રા. એમ.જી. થાનકી અને પ્રા. કે.પી.ચાવડાએ કર્યું.

## એન.એસ.એસ.નો સાત દિવસીય ખાસ શિબિર




રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ વાપીનો એન.એસ.એસ.નો વાર્ષિક ખાસ શિબિરનો આજે પાંચમો દિવસ. સવારે નિત્ય પ્રાર્થના પછી સ્વામીજી ડૉ.ભાસ્કરાનંદજી દ્વારા વિદ્યાર્થીઓને 'યોગા અભ્યાસ' કરાવ્યો. ચાય–નાસ્તાના વિરામ પછી (રોફેલ બી.બી.એ. અને બી.સી.એ. કૉલેજના પ્રિન્સીપાલ અને રોપેલ વિશ્વવિદ્યાલયના રજીસ્ટ્રાર) ડૉ. પ્રિયકાન્ત વૈદનો 'એન.એસ.એસ. અને વ્યક્તિત્વ વિકાસ' વિષય પર વ્યાખ્યાન રાખવામાં આવ્યું. ત્યારે પછી ૧૦:૩૦ થી ૧૧:૩૦ સુધી ડૉ. કેદારભાઈ (રોફેલ એમ.બી.એ કૉલેજના ડાયરેક્ટર)નું ગ્રેજ્યુએટ પછી શુ? એ વિષય પર એન.એસ.એસ.ના સ્વયંસેવકોને માર્ગદર્શન આપ્યું. બપોરે ૧:૩૦ થી ૩:૩૦ સુધી શ્રમકાર્ય, ૪:૪૫ થી ૬:૪૫ સુધી શ્રમકાર્ય રાત્રે ભોજન પછી અહેવાલ વાંચન અને વિવિધ પ્રવૃત્તિ.

## વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કોલેજ, પાંડેસરા, સુરત.

### મુકિત કાર્યક્રમનું આયોજન

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કોલેજ, ખાતે તા.૩/૧૦/૨૦૨૪ના રોજ મુકિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. પારૂલ પટેલ, શ્રી સુરેશ કુમાર ચૌહાણ, શ્રીમતિ કિરણ દાસ મેડમ અને ગુજરાત યોગ બોર્ડના સદસ્ય ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ કાર્યક્રમમાં સંસ્થાના વ્યવસ્થાપક શ્રી ચંદ્રકાંતભાઈ શાહ, બી.સી.એ. કૉલેજના પ્રાધાનાચાર્ય ડૉ. ચેતન રાઠોડ, કોમર્સ કૉલેજના પ્રાધાનાચાર્યશ્રી અજય પાટીલ અને તમામ અધ્યાપક ગણ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમના વકતા ડૉ. પારૂલ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને નશા મુકિત અને તંદુરસ્ત સ્વાસ્થ્યનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન બી.સી.એ. કૉલેજના પ્રા. ડોનિકા માલી દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રાસ ઓફિસર શ્રી અંકિતભાઈ જાધવ દ્વારા કરવામાં આવ્યું હતું.




### સફાઈ અભિયાનનું આયોજન

તા. ૦૮/૧૦/૨૦૨૪ના રોજ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કોલેજ, પાંડેસરા ખાતે સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ સફાઈ માટેની શપત વિધિ પણ લેવડાવવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે અજિત જૈન ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં બી.સી.એ. કૉલેજના પ્રધાનાચાર્ય ડૉ. ચેતનભાઈ રાઠોડ તેમજ શૈક્ષણિક કર્મચારીગણ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમનું સંપુર્ણ આયોજન NSS કૉ–ઓર્ડિનેટરશ્રી અંકિત જાદવે કર્યુ હતુ




### સફાઈ અભિયાન અંતર્ગત દરિયા સફાઈનું આયોજન

તા.૦૭/૧૦/૨૦૨૪ના રોજ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કોલેજ, પાંડેસરા ખાતે સફાઈ અભિયાન અંતર્ગત દરિયા સફાઈ

(ડુમ્મસ)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૪૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં બી.સી.એ. કૉલેજના પ્રધાનાચાર્ય ડૉ. ચેતનભાઈ રાઠોડ તેમજ શૈક્ષણિક કર્મચારીગણ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમનું સંપુર્ણ આયોજન NSS કૉ–ઓર્ડિનેટર અંકિતભાઈ જાદવે કર્યુ હતું.




## વુમન એમ્પાવરમેન્ટ એન્ડ સેલ્ફ ડિફેન્સના વિષય ઉપર એક દિવસીય શિબિર




શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વી.ટી.પોદ્દાર કોમર્સ કૉલેજ, પાંડેસરા ખાતે તા. ૧૨/૦૯/૨૦૨૪ના રોજ વુમન એમ્પાવરમેન્ટ એન્ડ સેલ્ફ ડિફેન્સના વિષય ઉપર એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે સુરતના મહિલા એ.સી.પી. મીની જોસેફ, મુકેશભાઈ રાઠોડ જેઓ માર્શલ આર્ટ ટ્રેનર તેમજ નિર્ભયા સેનાના સ્થાપક છે. ધ્રૂવ પટેલ જેઓ આર.એસ.એસ. મહાવિદ્યાલયના પ્રમુખ છે તેઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમા ૧૫૦ જેટલી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં મહિલા જાગૃતિ અને સેલ્ફ ડિફેન્સ અંગેની માહિતી આપી હતી અને સ્ત્રીઓએ જાગૃત થવું જરૂરી છે. આની સાથે તેઓને સેલ્ફ ડિફેન્સ માટેની પ્રેક્ટિકલ ટ્રેનિંગ પણ આપી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના વ્યવસ્થાપકશ્રી ચંદ્રકાંત શાહ તેમજ બી.એડ.કૉલેજના પ્રાધાનાચાર્ય ડૉ. જયશ્રીબેન કાનાણી, બીસીએ કૉલેજના પ્રાધાનાચાર્ય ડૉ. ચેતનભાઈ રાઠોડ અને કોમર્સ કૉલેજના પ્રાધાનાચાર્યશ્રી અજયભાઈ પાટીલ, શૈક્ષણિક કર્મચારીગણ અને વિદ્યાર્થીઓ જોડાયા હતાં. કાર્યક્રમનું સંપુર્ણ આયોજન સંસ્થાના અધ્યાપકો ડૉ. બિન્નીબેન મહેતા, વૈશાલીબેન સોઈન, રિયાબેન સુખિયાજી, ડૉ. પૂજાબેન પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા.

### ઑનલાઈન ક્વિઝ




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે ઇન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ 'વિકાસ સપ્તાહ ઉજવણી' અંતર્ગત અર્થશાસ્ત્ર વિભાગ અને રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના સંયુક્ત ઉપક્રમે ઑનલાઈન ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વિઝમાં ગુજરાતના અર્થતંત્રની પરિસ્થિતિ, ભારતીય અર્થતંત્રમાં ગુજરાતનું સ્થાન વગેરે મુદ્દાઓ પર આધારિત પ્રશ્નો મુકવામાં આવ્યા હતા. આ ઑનલાઈન ક્વિઝમાં કૉલેજના ૧૫ પ્રાધ્યાપકો અને ૧૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઑનલાઈન ક્વિઝનું સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ તથા રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ. દિનેશસિંહ રાજ, પ્રા.ડૉ.શર્મિલાબેન એસ. પટેલ અને પ્રા.ડૉ.રોશનકુમાર એન. ગામિત દ્વારા કરવામાં આવ્યું હતું.

### ઑનલાઈન 'ટૉક–શૉ ઑન સકસેસ સ્ટાર્ટઅપ

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે ઇન્ચાર્જ આચાર્ય પ્રા.ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ 'વિકાસ સપ્તાહ ઉજવણી' અંતર્ગત ઑનલાઈન 'ટૉક–શૉ ઑન સકસેસ સ્ટાર્ટઅપ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઑનલાઈન ટૉક–શૉનું આયોજન પ્રા. અનિતા વાઘ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ટૉક–શૉમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય પ્રા.ડૉ.નિયતિબેન ભટ્ટ, અર્થશાસ્ત્ર

વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ.દિલાવરખાન એન. પઠાણ દ્વારા સ્ટાર્ટઅપનો અર્થ સ્ટાર્ટઅપના લક્ષણો, ભારતના સફળ સ્ટાર્ટઅપ જેવા કે, NYKAA, BYJU'S, RED BUS, PAYTM, BoAT, meesho વગેરેની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. તદુપરાંત સ્ટાર્ટઅપ અંગેનો વિચાર, સ્ટાર્ટઅપ શરૂ કરવામાં ધ્યાનમાં રાખવાની બાબતો, સ્ટાર્ટઅપના પડકારો વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ ઑનલાઈન ટૉક–શૉમાં ૩૦ વિદ્યાર્થીઓ અને ૫ પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો.

## ભીત ચિત્રોની સ્પર્ધા

તા. ૧૦/૧૦/૨૦૨૪ના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજમાં ભીત ચિત્રોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં કુલ ૧૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લઈને સરકારના વિકાસ સપ્તાહની ઉજવણીને સાર્થક બનાવી હતી આ સ્પર્ધાનું સમગ્ર આયોજન ગૃહ વિજ્ઞાન વિભાગ અધ્યક્ષ એસો. પ્રો. ભાવના ગોથાણા અને એસો.પ્રો.અનિતા વાઘ દ્વારા ઇન્ચાર્જ આચાર્ય ડૉ નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભીલ મનીતા દ્વિતીય ક્રમે જાગૃતિ વસાવા અને તૃતીય ક્રમે ઋતુ પટેલ આવ્યા હતા.




## કલાસરૂમ સફાઈ તથા ઓનલાઈન કવીઝ સ્પર્ધા

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે તા. ૦૧/૧૦/૨૦૨૪ને મંગળવારના રોજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગર પત્ર ક્રમાંક ઉશિક/પીઆરઓ/ ૨૦૨૪/૧૩૫૬ અનુસાર ૨જી ઓકટોબર મહાત્મા ગાંધીજી જન્મ જયંતિ નિમિત્તે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત કલાસ રૂમ સાફસફાઈ તેમજ ઓનલાઈન કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં 'સ્વચ્છતા હી સેવા અભિયાન' આધારિત પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેની ગૂગલ ફોર્મ લીક તેમને ગૃપમાં મોકલવામાં આવી. આ ઓનલાઈન સ્પર્ધામાં કુલ ૯૪ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા કલાસરૂમની સાફસફાઈ કરવામાં આવી. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિનેશસિંહ જી. રાજ, ડૉ. શર્મિલાબેન એસ પટેલ, ડૉ. રોશનકુમાર એન. ગામીત તેમજ ડૉ. દિલવારખાન પઠાણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા–પારડી.

### ગાંધી જયંતી ઉજવણી







તા. ૦૨/૧૦/૨૦૨૪ જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા–પારડી ખાતે ગાંધી જયંતીની ઉજવણીના ભાગ રૂપે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ સવારે પારડી નગરપાલિકા અને કૉલેજના સંયુક્ત ઉપક્રમે જાહેર સ્થળોની સફાઈના કાર્યક્રમ અંતર્ગત કૉલેજ નજીક આવેલા હાઈવે ચાર રસ્તા પરના ઓવરબ્રિજની બાજુના સર્વિસ રોડ અને બસ સ્ટોપની સફાઈ કરવામાં આવી હતી. તેમજ સ્વચ્છતા જાળવવાના શપથ લેવામાં આવ્યા હતા. ત્યારબાદ ઉમરસાડી માછીવાડ ગામના દરિયા કિનારાની સફાઈ કરવામાં આવી હતી. જેમાં NSS પ્રોગ્રામ ઓફિસરો તેમજ મોટી સંખ્યામાં સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કૉલેજની ભગિની સંસ્થા ડી.સી.ઓ હાઈસ્કૂલમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. અંતે કાર્યક્રમો સંપન્ન કરી, અલ્પાહાર લઈને સૌ છૂટા પડયા હતા.

### નિબંધ સ્પર્ધા

તા. ૯/૧૦/૨૦૨૪ના રોજ જે.પી.પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ કિલ્લા પારડીમાં વિકાસ સપ્તાહ અંતર્ગત 'વિકસિત ભારત' વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સરસ મજાની પોતાની રજૂઆત

કરી. જેમાંથી સર્વોતમ નિબંધ લખનાર ત્રણ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવશે.




## વિકાસ પ્રતિજ્ઞા કાર્યક્રમ ઉજવણી

તા. ૮/૧૦/૨૦૨૪ના મંગળવારના રોજ જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ કિલ્લા પારડીમાં વિદ્યાર્થીઓ અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર દ્વારા ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. સૌએ ભારતના વિકાસમાં યથાશકિત ફાળો નોંધાવવાના શપથ લીધા હતા જેથી વિકસિત ભારતનું સ્વપ્ન સાચું બને.




## સરકારી વિનયન કૉલેજ, કપરાડા.

## વિકાસ પ્રતિજ્ઞાનો કાર્યક્રમ

સરકારી વિનયન કૉલેજ, કપરાડા ખાતે NSS દ્વારા તા. ૦૮/૧૦/૨૦૨૪ સોમવારના રોજ વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત 'વિકાસ પ્રતિજ્ઞાનો કાર્યક્રમ યોજાયેલ જેમાં ૧૮૭ વિદ્યાર્થી ભાઈ-બહેનો અને ૧૩ અધ્યાપક/કર્મચારીગણો ભેગા મળીને શપથ લીધા હતા.




## 'ભીત ચિત્ર સ્પર્ધા'

તા. ૧૦/૧૦/૨૦૨૪ના રોજ વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત 'ભીત ચિત્રો' સ્પર્ધા યોજાયેલ જેમાં ૦૭ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધેલ. જેમાં સ્પર્ધાનાં અંતે પ્રથમ ક્રમે વિજેતા ટી.વાય.બીએની વિદ્યાર્થીની ગોનીયા અલકાબેન દેવરામ ભાઈ. દ્વિતીય ક્રમે વિજેતા એસ.વાય. બી.એ.ના વિદ્યાર્થી કામડી સુરજભાઈ મનુભાઈ અને તૃતીય ક્રમે વિજેતા એફ.વાય.બી.એ.ના વિદ્યાર્થી દળવી હરેશભાઈ તુકારામ ભાઈ રહ્યા હતા. નિર્ણાયક તરીકે અધ્યાપક ડૉ. વિરેન્દ્રભાઈ આર. વસાવા અને અધ્યાપિકા કિન્નરી એ. પટેલએ ભૂમિકા ભજવી હતી.




## નિબંધ સ્પર્ધા

તા. ૧૧/૧૦/૨૦૨૪ શુક્રવારના રોજ વિકાસ સપ્તાહ અંતર્ગત નિબંધ સ્પર્ધા યોજાયેલ જેમાં ૦૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ જેમાં સ્પર્ધાના અંતે પ્રથમ ક્રમે એફ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની મોરે રિદ્ધિ બેન મનુભાઈ. દ્વિતીય ક્રમે ટી.વાય. બી.એ.ની વિદ્યાર્થીની ગાંવિત કલ્પનાબેન ભાવુરામભાઈ અને તૃતીય ક્રમે એસ.વાય.બી.એ.ના વિદ્યાર્થી ચૌધરી જિગ્નેશભાઈ આબુભાઈ વિજેતા રહ્યાં હતાં. નિર્ણાયક તરીકે અધ્યાપિકા ચૌધરી ચંદનબેન અજયભાઈએ ભૂમિકા ભજવી હતી.




## વકતૃત્વ સ્પર્ધા

તા. ૧૪/૧૦/૨૦૨૪ સોમવારના રોજ વિકાસ સપ્તાહ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા યોજાયેલ. જેમાં ૦૪ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધેલ હતો. સ્પર્ધાનો વિષય 'મારા સ્વપ્નનું વિકસિત ગુજરાત' રાખવામાં આવેલ જેમાં પ્રથમ ક્રમે

એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની રાજપુરોહિત પુનમબેન રઘુનાથસિંહ, દ્વિતીય ક્રમે એફ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની મોરે રિદ્ધિબેન મનુભાઈ અને તૃતિય ક્રમે એસ.વાય.બી.એ.ના વિદ્યાર્થી કામડી સુરજભાઈ મનુભાઈ વિજેતા રહ્યાં હતાં. નિર્ણાયક તરીકેની ભૂમિકા અધ્યાપિકા ચૌધરી ચંદનબેન અજયભાઈ ભજવેલ. અંતે સંસ્થાના આચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરીએ સર્વ સ્પર્ધક વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી સતત આગળ વધવા અને નવું નવું શીખવા પ્રોત્સાહન પૂરું પાડેલ. આ કાર્યક્રમમાં ૧૩ વિદ્યાર્થીઓ અને ૦૮ કર્મચારીગણ મળી કુલ ૨૧ હાજર રહ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્યશ્રી ડૉ. ડી.એન.દેવરીના માર્ગદર્શન હેઠળ અને રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર શ્રી અનિષભાઈ સી. ગામીતે તેમજ સર્વ અધ્યાપકોના સહયોગ દ્વારા કરવામાં આવેલ.




## સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, દેડિયાપાડા.

### 'રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ' તથા સ્વચ્છતા હી સેવા ૨૦૨૪' અંતર્ગત સ્વચ્છતા રેલીનું આયોજન







તા. ૧/૧૦/૨૦૨૪ને મંગળવારના રોજ કૉલેજના આચાર્ય ડૉ. અનિલાબેન પટેલની માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. યુનિટ દ્વારા 'રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ'ની ઉજવણીના ભાગરૂપે શ્રી સંજયભાઈ પરમાર દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન આપવામાં આવ્યું. ડૉ. અનિલાબેન પટેલ દ્વારા પણ એન.એસ.એસ. સ્વયંસેવકો સ્વૈચ્છિક રક્તદાન કરવાની પ્રેરણા આપવામાં આવી હતી. અંતે સૌ સ્વયંસેવકો સ્વૈચ્છિક રક્તદાન કરવાની શપથ લઈને કાર્યક્રમ પૂર્ણ કરી 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૪' અને 'સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા' રેલીનું આયોજન કરવામાં આવ્યો હતું. આ રેલી કૉલેજના પ્રાંગણથી શરૂ થઈ હાટ બજાર, યાહ મોગી સર્કલથી દેડિયાપાડા બસ ડેપો સુધી લઈ જવામાં આવી. દેડિયાપાડા બસ ડેપો ખાતે સ્વચ્છતાનું મહત્વ સમજાવવા માટેની રેલીનું વિસર્જન કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

### 'સ્વચ્છ ભારત અભિયાન' કાર્યક્રમનું આયોજન







સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ દેડિયાપાડાના પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલની અધ્યક્ષતામાં NSS યુનિટ દ્વારા 'સ્વચ્છતા હી સેવા–૨૦૨૪, સ્વભાવ સ્વચ્છતા–સંસ્કાર સ્વચ્છતા' આ વર્ષે SHS ઝુંબેશ હેઠળ તા. ૦૨/૧૦/૨૦૨૪ના રોજ મહાત્મા ગાંધીજીના જન્મ જયંતિ નિમિત્તે 'સ્વચ્છ ભારત અભિયાન' આચાર્ય શ્રી ડૉ. અનિલાબેન પટેલની માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. રમેશભાઈ વસાવા દ્વારા દેડિયાપાડામાં સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં દેડિયાપાડાના ધારાસભ્યશ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા, દેડિયાપાડા ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચશ્રી વર્ષાબેન દેવજીભાઈ વસાવા, ગ્રુપ ગ્રામ પંચાયત દેડિયાપાડાના તલાટીશ્રી ધ્રુવભાઈ વસાવા 'સ્વચ્છ ભારત અભિયાન'માં જોડાયા હતા. તેમજ કૉલેજમાં અભ્યાસ કરતા NSS સ્વયંસેવકો જોડાયા હતા. હાટ ચોકડી, દશામાં મંદિર, તાલુકા હેલ્થ કચેરી, સિવિલ હોસ્પિટલ દેડિયાપાડા જેવા જાહેર સ્થળો, મંદિરો અને હોસ્પિટલોની સાફ–સફાઈ કરવામાં આવી હતી. જે આજના કાર્યક્રમને 'સ્વચ્છ ભારત

અભિયાન' કાર્યક્રમને સાર્થક કર્યો હતો. કાર્યક્રમનું આયોજન પ્રોગ્રામ ઓફિસર ડૉ.રમેશભાઈ વસાવા તથા પ્રા. મહેશભાઈ વસાવા એ કર્યો હતો. કૉલેજના સ્ટાફગણ પ્રા. જિજ્ઞેશભાઈ, પ્રા.સુરેશભાઈ, પ્રા.સુનિલભાઈ, પ્રા. ગણેશભાઈ, ડૉ. સુરતનભાઈ, પ્રા. પ્રિતિકાબેન, પ્રા. યોગેશ્વરીબેન, પ્રા. ગંગોત્રીબેન. લેબ આસિસ્ટંટ દિક્ષિતભાઈ સાથે અન્ય સ્ટાફ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## 'ભારત વિકાસ પ્રતિજ્ઞા' કાર્યક્રમનો અહેવાલ




તા. ૦૮/૧૦/૨૦૨૪ને મંગળવારના રોજ સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ દેડિયાપાડા ખાતે પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત 'ભારત વિકાસ પ્રતિજ્ઞા' લેવામાં આવી. જેમાં કૉલેજમાં અભ્યાસ કરતા FY, SY, તથા BA/B.Scના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં અને સાથે અધ્યાપકો સાથે કુલ ૧૧૭ વ્યકિતઓ જોડાયા હતાં.

## વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ સ્પર્ધાઓ



તા. ૧૧/૧૦/૨૦૨૪ના રોજ કૉલેજના આચાર્યશ્રી ડૉ. અનિલાબેન કે. પટેલના અધ્યક્ષસ્થાને 'વિકાસ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે કૉલેજ ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. 'વિકાસ સપ્તાહ' અંતર્ગત આજરોજ ભીત ચિત્ર (Wall Painting), નિબંધ લેખન સ્પર્ધા અને કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ મહત્તમ સંખ્યામાં ભાગ લેવામાં આવ્યો હતો.

ભીત ચિત્ર (Wall Painting), દ્વારા કૉલેજની દીવાલો પર વારલી ચિત્રકળા દોરીને વિદ્યાર્થીઓએ પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર ભીત ચિત્ર (Wall Painting), સ્પર્ધાનું આયોજન NSS યુનિટ પ્રોગ્રામ ઓફિસર ડૉ. રમેશભાઈ વસાવાના માર્ગદર્શન હેઠળ પ્રા. મહેશકુમાર વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધામાં લગભગ વિષયોમાં વિદ્યાર્થીઓ દ્વારા પોતાની મૌલિક ભાષામાં નિબંધ લખવામાં આવ્યા. આ સ્પર્ધામાં કુલ ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ નિબંધ સ્પર્ધાનું આયોજન દકક યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રમેશભાઈ વસાવાના માર્ગદર્શન હેઠળ પ્રા. ગંગોત્રીબેન વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

કિવઝ સ્પર્ધામાં વિકસિત ગુજરાત વિકસિત ભારત ઉપર આધારિત પ્રશ્નાવલીના પ્રશ્નોના ઉત્તરો આપ્યાં હતા. આ સ્પર્ધામાં કુલ ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કિવઝ સ્પર્ધાનું આયોજન NSS યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રમેશભાઈ  વસાવાના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ. રીતેશભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

## RUSA Component-9 અંતર્ગત મહીલા સશકિતકરણ જાગૃતિ માટે 'સ્વરક્ષણ કરાટે' તાલીમનું ઉદ્ઘાટન




સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ દેડિયાપાડામાં ડૉ. અનિલાબેન કે. પટેલની અધ્યક્ષતામાં રૂસા કમ્પોનન્ટ–૯ અંતર્ગત તા. ૧૭/૧૦/૨૦૨૪નાં રોજ મહીલા સશકિતકરણ જાગૃતિ માટે સ્વરક્ષણ કરાટેની તાલીમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. માસ્ટર ટ્રેનર ભીમસીગભાઈ વસાવા દ્વારા માર્ગદર્શન કર્યુ હતું. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન કે પટેલ કાર્યક્રમ અનુરૂપ ઉદબોધન કર્યુ હતું. જેમાં પહેલા દિવસે કુલ ૯૨ વિદ્યાર્થીનીઓ હાજર રહ્યાં હતાં. આ તાલીમ ૧૦ દિવસ સુધી આવપામાં આવશે. આ કાર્યક્રમનું આયોજન ડૉ. રમેશભાઈ કે. વસાવા અને શ્રી સંજયકુમાર એસ. પરમારે કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન CWDC સેલના કૉ–ઓર્ડિનેટર પ્રા. જયશ્રીબેન વસાવા સમિતિના સભ્ય પ્રા. યોગેશ્વરીબેન અને પ્રા. ગામિત કિંજલબેને કર્યુ હતું.

## 'બ્યુટીપાર્લર કોર્સ' તાલીમનો કાર્યક્રમ



સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ દેડિયાપાડાના ડૉ. અનિલાબેન પટેલની અધ્યક્ષતામાં રૂસા કમ્પોનન્ટ–૯ અંતર્ગત તા. ૨૧/૧૦/૨૦૨૪ થી ૨૫/૧૦/૨૦૨૪ દરમ્યાન 'બ્યુટીપાર્લર કોર્સ' તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ તાલીમ માટે ભાવનાબેન વસાવાની પસંદગી કરવામાં આવી હતી. આ તાલીમ ૦૫ દિવસ સુધી આપવામાં આવી હતી. આ તાલીમ માટે કુલ ૪૦ વિદ્યાર્થીનીઓએ પોતાની નોંધણી કરાવેલ હતી તથા રસપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન રૂસા પ્રકલ્પના કૉ–ઓર્ડિનેટર ડૉ. રમેશભાઈ વસાવા અને કૉ–ઓર્ડિનેટર સંજયકુમાર પરમારના માર્ગદર્શન હેઠળ કોર્સ કૉ–ઓર્ડિનેટર પ્રા. પ્રિતીકાબેન વસાવાએ તથા સમિતિના સભ્ય પ્રા. યોગેશ્વરીબેન અને પ્રા. ગંગોત્રીબેને કર્યું હતું.

## સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, ખેરગામ

### ખેરગામ તાલુકાના જાહેર સ્થળોની સાફ–સફાઈ





સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, ખેરગામ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગ અંતર્ગત તા. ૨૪/૦૯/૨૦૨૪ને મંગળવારના રોજ કૉલેજના આચાર્યશ્રી ડૉ. સંજયકુમાર એમ. પટેલના માર્ગદર્શન હેઠળ ખેરગામ તાલુકાના જાહેર સ્થળોની સાફ–સફાઈનું આયોજન કરવામાં આવ્યું. હાલ ચોમાસાની ઋતુ જ્યારે વિદાય લઈ રહી છે ત્યારે મચ્છર જન્ય રોગોના ઉપદ્રવની સંભાવનાઓ વધી જાય છે, તેવા સંજોગોમાં સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત સ્વચ્છતા હી સેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે, જે અંતર્ગત અત્રેની કૉલેજ દ્વારા ખેરગામ તાલુકાના જાહેર સ્થળોની સાફ–સફાઈનું આયોજન કરવામાં આવ્યું. સૌ પ્રથમ ખેરગામમાં આવેલ રામજી મંદિર, જલારામ મંદિર તથા હનુમાનજી મંદિરની સાફ–સફાઈ કરવામાં આવી. ત્યારબાદ અન્ય જાહેર સ્થળો, બસ સ્ટેન્ડ, ચાર રસ્તાઓની સાફ–સફાઈ કરવામાં આવી. ત્યારબાદ ખેરગામના મિશન ફળીયામાં આવેલ ચર્ચના પરિસર અને તેની આજુબાજુના વિસ્તારોની સાફ–સફાઈ કરવામાં આવી. અંતે ચર્ચના ફાધર દ્વારા વિદ્યાર્થીઓને જીવનપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓને કૉલેજ ખાતે રવાના કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓ સ્વચ્છતા અંગે જાગૃત બને અને સમાજ પણ સ્વચ્છતા અંગે સજાગ બને એ હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસરો પ્રો. અમિત પટેલ, ડૉ. યોગેશ ટંડેલ અને પ્રો. મેહુલ પટેલ સહિત કુલ ૫ સ્ટાફ મિત્રો તેમજ રાષ્ટ્રીય સેવા યોજનાના ૧૧ સ્વયંસેવકો અને ૨૪ સ્વયંસેવિકાહો મળી કુલ ૩૫ સ્વયંસેવકો ઉત્સાહ ભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ચિત્ર સ્પર્ધા



સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, ખેરગામ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ (NSS) અંતર્ગત તા. ૨૭/૦૯/૨૦૨૪ના રોજ આચાર્યશ્રી ડૉ. સંજયકુમાર એમ. પટેલના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાન વિષય અન્વયે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સરકારશ્રીના આદેશ અનુસાર હાલ પ્રવર્તમાન સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો દ્વારા સ્વચ્છતા વિષય અન્વયે ચિત્ર બનાવવામાં આવ્યાં જેમાં સ્વયંસેવકોએ પોતાની અભિવ્યકિત પ્રમાણે સ્વચ્છતા બાબતે ચિત્રો બનાવ્યા. વિદ્યાર્થીઓ સ્વચ્છતા અંગે જાગૃત બને અને સમાજને પણ સ્વચ્છતા અંગે સજાગ બનવા તરફ આગળ લઈ જાય એ હેતુસર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં NSSના ૩ સ્વયંસેવકો અને ૭ સ્વયંસેવિકાઓ મળી કુલ ૧૦ સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### સ્વચ્છતા અંગે પ્રતિજ્ઞા કાર્યક્રમ

સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, ખેરગામ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગ અંતર્ગત તા. ૩૦/૦૯/૨૦૨૪ને સોમવારના રોજ કૉલેજના આચાર્યશ્રી ડૉ. સંજયકુમાર એમ. પટેલના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અંગે પ્રતિજ્ઞાનું આયોજન કરવામાં આવ્યું. સરકારશ્રીના આદેશ અનુસાર 'સ્વભાવ સ્વચ્છતા–સંસ્કાર સ્વચ્છતા' અભિયાન અંતર્ગત અત્રેની કૉલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો દ્વારા સ્વચ્છતા અંગે પ્રતિજ્ઞા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ સ્વચ્છતા અંગે જાગૃત

બને અને સમાજને પણ સ્વચ્છતા અંગે સજાગ બનવા તરફ આગળ લઈ જાય એ હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સેવા યોજનાના ૨૨ સ્વયંસેવકો અને ૩૯ સ્વયંસેવિકાઓ મળી કુલ ૬૧ સ્વયંસેવકો તેમજ ૪ ભાઈઓ અને ૩ બહેનો સહિત કુલ ૭ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



## કૉલેજ બિલ્ડીંગ અને કેમ્પસની સાફ–સફાઈ અભિયાન

સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, ખેરગામ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગ અંતર્ગત તા. ૦૧/૧૦/૨૦૨૪ને સોમવારના રોજ કૉલેજના આચાર્યશ્રી ડૉ. સંજયકુમાર એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કૉલેજ બિલ્ડીંગ અને કેમ્પસની સાફ–સફાઈ અભિયાન આયોજન કરવામાં આવ્યું. ૨જી ઓક્ટોબર એટલે મહાત્મા ગાંધીજીનો જન્મ દિવસ. આ દિવસે સરકારશ્રીના આદેશ અનુસાર 'સ્વભાવ સ્વચ્છતા–સંસ્કાર સ્વચ્છતા' અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો દ્વારા અત્રેની કૉલેજમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજ રોજ સ્વયંસેવકો દ્વારા કૉલેજ બિલ્ડીંગ અને કેમ્પસની સાફ–સફાઈ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અત્રેની કૉલેજમાં કૉલેજના સમગ્ર બિલ્ડીંગ અને સમગ્ર કેમ્પસની સાફ–સફાઈ કરવામાં આવી. વિદ્યાર્થીઓ સ્વચ્છતા અંગે જાગૃત બને અને સમાજને પણ સ્વચ્છતા અંગે સજાગ બનવા તરફ આગળ લઈ જાય એ હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સેવા યોજનાના ૧૫ સ્વયંસેવકો અને ૧૯ સ્વયંસેવિકાઓ મળી કુલ ૩૪ સ્વયંસેવકો તેમજ ૩ ભાઈઓ અને ૨ બહેનો સહિત કુલ ૫ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





## શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અંકલેશ્વર.

### 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ

શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કૉમર્સ કૉલેજ, અંકલેશ્વર રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. જી.કે.નંદાના માર્ગદર્શન હેઠળ થયું હતું. રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા રાષ્ટ્રીય સ્વચ્છતા અભિયાન 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત કેમ્પસ સફાઈ કરવામાં આવી. NSS પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. નિશાબેન વસાવા અને ડૉ. જગદીશભાઈ કંથારીયાની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ કૉલેજ કેમ્પસમાં તથા વર્ગખંડોમાં સફાઈ કરી હતી. આ અભિયાનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી સ્વયંસેવકો જોડાયા હતા. હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. કૉલેજના ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થી સાગર પટેલે સ્વચ્છતા માટે તથા પ્લાસ્ટિકથી દૂર રહેવા પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ પ્રસંગે કૉલેજના સિનિયર પ્રા. હરેશભાઈ પરીખ, ડૉ. હેમંત દેસાઈ, પ્રા. રાજેશ પંડયા, ડૉ. જયશ્રી ચૌધરી સહિત કૉલેજ સ્ટાફ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.





## શ્રી સરસ્વતી મહાવિદ્યાલય આટ્‌ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, આભવા, સુરત.

### 'સ્વચ્છતા દિવસની ઉજવણી–૨૦૨૪'



સ્વચ્છતા સેવા છે,
સ્વચ્છતા તહેવાર છે,
સ્વચ્છતા ધર્મ છે.

સ્વચ્છતા મૂર્તિ વિનાનો સાચો ધર્મ છે. સ્વચ્છતા શરીરથી માંડી સમજ સુધીની સેવા છે. સ્વચ્છતાથી દેશનું આરોગ્ય સ્વસ્થ રહે છે. સ્વચ્છતા એ ભવિષ્યની પેઢીને ભેટ આપવાની અમૂલ્ય તક છે. સ્વચ્છતા એ સાચા માનહૃદય અને જવાબદાર નાગરિકની નિશાની છે. સ્વચ્છતા વ્યક્તિત્વ અને દેશનું ઘરેણું છે.

આથી જ, દેશના યશસ્વી વડાપ્રધાને ગ્રામ્ય અને શહેરી ક્ષેત્રોમાં સ્વચ્છતા વિશે જાગૃતિ ફેલાવવા માટે જે આહવાન કર્યું હતું, એ જ ફરીથી 'સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'ના મંત્ર સાથે પુનઃ દેશભરમાં વેગીલું બન્યું જે અંતર્ગત ગાંધી જયંતિ નિમિત્તે તા. ૦૨/૧૦/૨૦૨૪ના રોજ સુરત શહેર સ્થિત ડુમ્મસ દરિયા કિનારા ખાતે પ્લાસ્ટિક એકત્રી કરણ અને સ્વચ્છતા અભિયાન અંર્તગત 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમનું આયોજન સુરત મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત સંલગ્ન જુદી જુદી NSS યુનિટ ધરાવતી કૉલેજના અંદાજીત ૭૦૦ જેટલા સ્વયંસેવકો/સેવિકાઓએ ભાગ લીધો હતો. જેમાં દક્ષિણ ગુજરાતની એકમાત્ર હિન્દી માધ્યમની કૉલેજ શ્રી સરસ્વતી મહાવિદ્યાલયના ૫૩ જેટલા રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો/સેવિકાઓ આ અભિયાનમાં જુસ્સાપૂર્વક જોડાયાં હતા. આ કાર્યક્રમમાં યુથ એન્ડ અફેર્સના પરમ આદરણીય સેક્રેટરી શ્રી મીતા રાજીવલોચનજી, સુરત મહાનગર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, સુરત મહાનગર પાલિકાના મેયરશ્રી દક્ષેશ માવાણી, સુરત મહાનગર પાલિકાના કમિશનરશ્રી શાલિની અગ્રવાલ, ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ, ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા તેમજ NSSના અતિ સક્રિય કાર્યક્રમ અધિકારીના માર્ગદર્શક અને ભારત સરકારના કાર્યક્રમને રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા સફળતાપૂર્વક પાર પાડવા માટે રાત દિવસ પ્રયત્નશીલ NSS પ્રોગ્રામ કૉ–ઓર્ડિનેટર શ્રી ડૉ. પ્રકાશચંદ્ર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને NSS પ્રોગ્રામ કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્ર દ્વારા યુથ એન્ડ અફેર્સના સન્માનનીય સેક્રેટરી શ્રી મીતા રાજીવલોચનજીના ભવ્ય સ્વાગત દ્વારા થઈ હતી. NSSના વિદ્યાર્થીઓએ બંને તરફ લાઈનમાં ઉભા રહી NSS તાળીઓ દ્વારા સૌ માનવંતા મહેમાનોને આવકાર્યા હતા.

કાર્યક્રમ શ્રી મીતા રાજીવલોચાનને ઉપસ્થિત NSS સ્વયંસેવકો સાથે વિશેષ વાર્તાલાપ કર્યો હતો અને સ્વયંસેવકો દ્વારા પ્રસ્તુત સૂચનો આવકાર્યા હતા. કાર્યક્રમમાં સૌએ સાથે મળીને સ્વચ્છતાની શપથ લીધી અને ત્યારબાદ ઉપસ્થિત સૌ મહાનુભાવો એ સફાઈ અભિયાનની શરૂઆત કરી હતી. આ સાથે જ અમારા મહાવિદ્યાલયના NSSના વિદ્યાર્થીઓએ પણ નારા સહિત ખૂણે ખૂણે વેફર, બિસ્કિટ તથા અન્ય પ્લાસ્ટિકના પેકેટનો કચરો ભેગો કર્યો હતો. આ અભિયાન માત્ર એક દિવસીય બનીના રહે જ્યાં જ્યાં આવશ્યક હોય ત્યાં ત્યાં સમયાંતરે સફાઈ કરવાની પ્રતિજ્ઞા લીધી.

## શ્રી એમ.આર. દેસાઈ આટ્‌ર્સ એન્ડ ઇ.ઇ.લહેર કોસાડીયા કોમર્સ કૉલેજ, ચીખલી.

### સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ




શ્રી એમ.આર. દેસાઈ આટ્‌ર્સ એન્ડ ઇ.ઇ.લહેર કોસાડીયા કોમર્સ કૉલેજ, ચીખલી ખાતે તા. ૦૨/૧૦/૨૦૨૪ ગાંધી જયંતીના રોજ સ્વચ્છતા પખવાડીયાના ભાગરૂપે આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ હેઠળ પ્રાંત કચેરી અને જાહેર રસ્તાઓ તથા બસ સ્ટેન્ડ આજુબાજુના વિસ્તારમાં સાફ–સફાઈ કરવામાં આવી હતી. સ્વચ્છતાનાં અભિયાનમાં ૬૭ NSSના સ્વયંસેવકો જોડાયા હતા. દુકાનદારો વેપારીઓ અને લોકોને કચરો ન કરવા અને સ્વચ્છતા જાળવવા સ્વચ્છતાથી સ્વસ્થ રહી શકાય તે માટે સમજાવવામાં આવ્યા હતા તથા શપથ NSSના સ્વયંસેવકો દ્વારા લેવડાવવામાં આવ્યા હતા. આ સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા કૉલેજનાં NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. એ.સી.પટેલ તથા પ્રા. ડૉ. પરેશભાઈ દેસાઈ સ્વયં સેવકોને માર્ગદર્શન પૂરું પાડયું હતું. સાફ–સફાઈ અભિયાન માટે કૉલેજના વિદ્યાર્થીઓને લોકલાડીલા ગણદેવી વિધાનસભાના સભ્ય નરેશભાઈ પટેલ દ્વારા પ્રેરણાદાયક સ્વચ્છતા જાળવવા સંબંધી સંબોધન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા અભિયાનમાં અમિતાબેન, કલ્પનાબેન, અશ્વિનભાઈ, નાયબ મામલતદાર રબારી, પદાધિકારીઓ

તથા NSS લીડર મિહિરભાઈ જોડાયા હતા. અંતે સાફ–સફાઈ કરી રેલી કાઢી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## ડી.આર.પટેલ અને આર.બી.પટેલ કોમર્સ કૉલેજ, ભરથાણા (વેસુ), સુરત.

### સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ

ડી. આર. પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કૉલેજ અને નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ કૉલેજ, ભરથાણામાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત તા. ૪/૧૦/૨૦૨૪ના રોજ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં કૉલેજના આચાર્ય, NSS ઓફિસર અને NSS કૉ–ઓર્ડિનેટર તથા NSSના વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં સૌ પ્રથમ NSS ઓફિસર ડૉ. અંકિતાબેન શાહ દ્વારા સ્વચ્છતા માટેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અંગે સપથ લેવામાં આવી હતી. શાળાના આજુબાજુના વિસ્તારની સફાઈ કરવામાં આવી. કાર્યક્રમનું સંચાલન પ્રા. વૈદેહી દેસાઈ અને ડૉ. ચંદ્રશેખર ગોને દ્વારા કરવામાં આવ્યું હતું.

ડી. આર. પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કૉલેજ અને નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ કૉલેજ, ભરથાણામા સુપોષિત ભારત અભિયાન અંતર્ગત તા. ૪/૯/૨૦૨૪ના રોજ ૮:૩૦ કલાકે આપણી તંદુરસ્તી આપણા હાથમાં વિષય પર વ્યાખ્યાન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં વક્તામાં ડૉ. દર્શનાબેન દેસાઈ કૉલેજના આચાર્ય, NSS ઓફિસર અને NSS કૉ–ઓર્ડિનેટર તથા NSSના વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

સૌ પ્રથમ NSS ઓફિસરો ડૉ. અંકિતાબેન શાહ દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવ્યું હતું. ડૉ. દર્શનાબેન દેસાઈ દ્વારા સુપોષિત અંગે માહિતી પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. વૈદેહી દેસાઈ અને ડૉ. ચંદ્રશેખર ગોને દ્વારા કરવામાં આવ્યું હતું.

ડી. આર. પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કૉલેજ અને નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ કૉલેજ, ભરથાણામા પોષણ માહ અંતર્ગત તા. ૦૪/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે રેલીનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કૉલેજના આચાર્ય, NSS ઓફિસર અને NSS કૉ–ઓર્ડિનેટર તથા NSSના વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. કૉલેજના આજુબાજુના વિસ્તારોમાં કુપોષણ અંગે માહિતી આપી અને સુપોષણનું મહત્વ સમજાવવામાં આવ્યું કાર્યક્રમનું સંચાલન પ્રા. વૈદેહી દેસાઈ અને ડૉ. ચંદ્રશેખર ગોને દ્વારા કરવામાં આવ્યું હતું.

ડી. આર. પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કૉલેજ અને નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ કૉલેજ, ભરથાણામા સ્વચ્છતા હી સેવા અંતર્ગત તા. ૪/૯/૨૦૨૪ના રોજ ૧૦:૩૦ કલાકે ડિજિટલ પોસ્ટર ડિઝાઈન સ્પર્ધા યોજવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કૉલેજના આચાર્ય, NSS ઓફિસર અને NSS કૉ–ઓર્ડિનેટર તથા NSSના વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમમા નિર્ણાયકની ભૂમિકા ડૉ. અંકિતાબેન શાહ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત અંગે વિવિધ પ્રકારની ડિઝાઈનવાળી ફલાયર અને પોસ્ટરો તૈયાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. વૈદેહી દેસાઈ અને ડૉ. ચંદ્રશેખર ગોને દ્વારા કરવામાં આવ્યું હતું.



## શ્રી આઈ.કે. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડી.

### દેશના વિકાસ અર્થે વિકાસ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી





શ્રી ઇ.ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડી ખાતે તા. ૯/૧૦/૨૦૨૪ના રોજ 'વિકાસ સપ્તાહ' અંતર્ગત વિદ્યાર્થીઓ તથા કર્મચારીગણ પાસેથી દેશના વિકાસ અર્થે વિકાસ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી. ત્યારબાદ સંસ્થાના અધ્યાપકશ્રી સુનીલભાઈ બી. પઢીયાર દ્વારા દેશના વિકાસ માટે તેમજ નવ રાષ્ટ્રના નિર્માણમાં યુવાનોની ભૂમિકાઓ વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ઇ.ચા.આચાર્ય શ્રી કેતનભાઈ આર. પટેલ, ગૃહપતિ શ્રી શીવાભાઈ એમ. વોરા, સંસ્થાના અધ્યાપકશ્રીઓ, તમામ કર્મચારીગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતાં.

## 'એક ભારત શ્રેષ્ઠ ભારત' વિષય પર શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા



શ્રી ઇ.ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ–કહાનવાડી ખાતે તા. ૧૦/૧૦/૨૦૨૪ના રોજ વિકાસ સપ્તાહ અંતર્ગત 'એક ભારત શ્રેષ્ઠ ભારત' વિષય પર શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના ઇન. આચાર્ય શ્રી કેતનભાઈ આર. પટેલ, ગૃહપતિ શ્રી શીવાભાઈ એમ. વોરા, સંસ્થાના અધ્યાપકશ્રીઓ, તમામ કર્મચારીગણ તથા ૭૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. જેમાંથી ૧૪ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબર પર મકવાણા યુવરાજ ઠાકોરભાઈ તથા દ્વિતીય ક્રમે સોઢા બળવંતકુમાર તથા તૃતીય નંબર પર ચૌહાણ વિશાલકુમાર અજીતભાઈ વિજેતા જાહેર થયા હતા. કાર્યક્રમનું સંચાલન ઇ.ચા. આચાર્યશ્રી કેતનભાઈ આર. પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી કલ્પેશ રાજ તથા અન્ય સહાયક કર્મચારીગણ દ્વારા કરવામાં આવ્યો.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### Teacher's day Celebration 2024

C. N. Kothari Homoeopathic Medical College and Research Centre, Vyara celebrated Teacher's day on 5th September 2024. Students of the fourth BHMS participated as a teacher with great enthusiasm and played their best role as a teacher. Students from 4th BHMS, Vanshita Pipaliya took responsibility of principal and Darshan Hatkar took responsibility of Academic Incharge, They managed the functions of the college with great zeal and enthusiasm. All the teachers of Teacher's day were judged by Teaching Faculties and following teachers were awarded with 1st & 2nd prizes.

First BHMS:
1st Prize – Jinal Niyoliya (Anatomy)
2nd Prize – Rutika Patel (Physiology)

Third BHMS:
1st Prize – Kevin Avichal (Homoeopathic Materia Medica)
2nd Prize – Imran Pathan (Organon of Medicine)

Fourth BHMS:
1st Prize – Jignyasha Ahire (Practice of Medicine)
2nd Prize – Nikhilesh Nabde (Homoeopathic Materia Medica)

All teachers of Teacher's Day were awarded with certificates, flower and pen. On this occasion all the teaching faculties were felicitated with flowers and Gift. The whole program was coordinated by Dr. Dhruni Gavli and her team under the guidance of Principal Dr Jyoti Rao. All dispersed after having delicious Lunch.





### Ganesh Utsav - 2024

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara had organized "Ganesh Utsav - 2024" from 7/09/2024 to 11/09/2024. Students and staff members of Institute established an "Eco-friendly" idol of Lord Ganesha. Everyday Aarati of God Ganesha was done in morning and evening by all year students and faculty members.

On 10/09/24 arrangement of "Maha Aarti" and "56 Bhog" offered to lord Ganesha on Last day 11/09/2024 of Ganesh Utsav there was arrangement of "Satyanarayan Katha".

After that immersion was done in spiritual atmosphere with DJ & Dhol. These whole programme was conducted by Students of Ganesh Committee & Activity Committee under guidance of Principal Dr. Jyoti Rao.





## એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત.

### ઐતિહાસિક સ્થળ કિલ્લાની મુલાકાત



વિકાસ સપ્તાહ અંતર્ગત એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરતનાં NSSનાં સ્વયંસેવકો દ્વારા ઐતિહાસિક સ્થળ કિલ્લાની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો જોડાયા હતા.

### Mera Terah Run 2024 Run/Walk for fun & Man




એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત ખાતે સવારે ૬:૦૦ કલાકે યોજાયેલી Mera Terah Run 2024 Run/Walk for fun & Manમાં કૉલેજનાં NSSનાં સ્વયંસેવકોએ ભાગ લીધો હતો અને સ્વયંસેવક તરીકેની જવાબદારી અદા કરી હતી.

### વૃક્ષારોપણ કાર્યક્રમ

તા. ૦૭/૧૦/૨૦૨૪નાં રોજ એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરતમાં વાત્સલ્ય ધામનાં બાળકો અને એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજના NSSનાં સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો, આચાર્ય, પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ જોડાયા હતાં.







### સ્વચ્છતા કાર્યક્રમ

તા. ૦૭/૧૦/૨૦૨૪નાં રોજ એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરતમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત NSSના સ્વયંસેવકો દ્વારા સ્વચ્છતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સૌ પ્રથમ સ્વચ્છતા અંગેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ત્યારબાદ વર્ગ ખંડો અને ઓફિસની સફાઈ કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો જોડાયા હતા.



## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-10-2024 to 31-10-2024

| Detail | Description | Oct.-2024 | |
|---|---|---|---|
| User | Visitors | 3202 | |
| | Internet Lab User | 48 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 1 | |
| | UG/PG Students | 103 | |
| | Research Scholars | 11 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 8 | |
| | Online User | - | |
| | Total | | 3373 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| October-2024 | 386 | 591 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | October-2024 | 06 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | October-2024 | 07 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | October-2024 | 08 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in